

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

Volume : 18
Issue : 218
Dt.: 20-04-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ઊંડું દુઃખ વ્યક્ત કર્યું

# તમિલનાડુની ફટાકડા ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ, ૨૦ લોકોના મોત

## વિરુધુનગર જિલ્લાના કટ્ટનારપટ્ટી ખાતે ફટાકડા ફેક્ટરીમાં કેમિકલના ઘર્ષણને કારણે બ્લાસ્ટ થતા મજૂરોએ જીવ ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

તમિલનાડુના વિરુધુનગર જિલ્લામાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં એક ફટાકડાની ફેક્ટરીમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ૨૦ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે અન્ય ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ છે. બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે ફેક્ટરીનો મોટો ભાગ ધરાશાયી થઈ ગયો હતો અને તેનો અવાજ ૧૦ કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. કાટમાળ નીચે હજુ પણ કેટલાક મજૂરો ફસાયા હોવાની આશંકા છે, જેથી પ્રશાસન દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કામગીરી ચલાવવામાં આવી રહી છે.

પ્રાથમિક માહિતી મુજબ, આ ઘટના કટ્ટનારપટ્ટી પાસે આવેલી 'વનજા ફટાકડાની ફેક્ટરી'માં બની હતી, જેના માલિક મુથુમાનિકમ છે. જ્યારે અકસ્માત થયો ત્યારે ફેક્ટરીમાં આશરે ૩૦ જેટલા મજૂરો રોજના કામમાં લાગેલા હતા. એવું માનવામાં આવે છે કે ફટાકડા બનાવવા માટે વપરાતા જ્વલનશીલ કેમિકલના મિશ્રણ વખતે અચાનક ઘર્ષણ થવાથી આ ભયંકર બ્લાસ્ટ થયો હતો. આ વિસ્ફોટમાં ફેક્ટરીના ૪ રૂમ સંપૂર્ણપણે નાશ પામ્યા છે. ઘાયલ થયેલા ૬ લોકોને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જેમાં દાઝી ગયેલા કેટલાક લોકોની હાલત ખૂબ ગંભીર હોવાથી





મૃત્યુઆંક હજુ વધી શકે તેવી પૂરી આશંકા છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ, ફાયર બ્રિગેડ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. એસપી શ્રીનાથ પોતે ઘટનાસ્થળે હાજર રહીને આ બચાવ કામગીરીનું મોનિટરિંગ કરી રહ્યા છે. ફેક્ટરીમાં હજુ પણ જ્વલનશીલ રસાયણો હોવાને કારણે ફાયર બ્રિગેડને આગ પર કાબૂ મેળવવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં જેસીબી અને ભારે મશીનોની મદદથી ખૂબ જ સાવચેતીપૂર્વક કાટમાળ હટાવીને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા અને તેમને તાત્કાલિક મેડિકલ સહાય પહોંચાડવાના પ્રયાસો ચાલુ છે. આ કરુણ ઘટના અંગે તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના પાઠવી હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ પોતાના બે મંત્રીઓ કે.કે.એસ.આર. રામચંદ્રન અને થંગમ થેન્નારાસુને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી ઝડપી બનાવવાના નિર્દેશ આપ્યા છે. આ સાથે જ જિલ્લા કલેક્ટરનો સંપર્ક કરીને અસરગ્રસ્તોને તમામ જરૂરી મદદ પૂરી પાડવાની સૂચના પણ આપી દેવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે વિરુધુનગર અને તેની આસપાસનો શિવકાશી વિસ્તાર આખા દેશમાં ફટાકડા અને દિવાસળીના ઉત્પાદનનું સૌથી મોટું હબ માનવામાં આવે છે. અહીં અવારનવાર આવા જીવલેણ અકસ્માતો થતા રહે છે. ઘણીવાર કેમિકલ મિક્સિંગ રૂમમાં તાપમાન વધવાથી, ક્ષમતા કરતા વધુ દારૂખાનું સંગ્રહ કરવાથી કે પછી સલામતીના નિયમો નેવે મૂકવાથી આવી મોટી દુર્ઘટનાઓ સર્જાતી હોય છે. અગાઉ પણ ૬ જુલાઈએ અને ગયા વર્ષે જાન્યુઆરીમાં અહીં આસપાસની ફેક્ટરીઓમાં બ્લાસ્ટ થયા હતા, જેમાં મજૂરોએ જીવ ગુમાવ્યા હતા. હાલ તો વહીવટીતંત્રે તપાસના આદેશ આપ્યા છે કે આ ફેક્ટરી પાસે કાયદેસરનું સંચાલન લાયસન્સ હતું કે નહીં અને સેફ્ટીના નિયમોનું પાલન થતું હતું કે નહીં. જોકે, અત્યારે પહેલી પ્રાથમિકતા કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવાની અને ઘાયલોને યોગ્ય સારવાર આપવાની છે.

### ચૂંટણી રેલી વચ્ચે PM મોદીનો અનોખો અંદાજ

# વડાપ્રધાન મોદીએ સ્થાનિકોની સાથે માણ્યો ભેળનો આનંદ

## પીએમ મોદી ચૂંટણી રેલી વચ્ચે એક ભેળની દુકાને સ્થાનિકોની સાથે ઝાલમુરી (ભેળ) ખાવા માટે પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર માટે પશ્ચિમ બંગાળ ગયા છે. આજે રવિવારે તેમની અલગ-અલગ શહેરોમાં સતત ચાર રેલીઓ હતી. જોકે, આ વચ્ચે પીએમ મોદીનો અનોખો અંદાજ જોવા મળ્યો હતો. પીએમ મોદી ચૂંટણી રેલી વચ્ચે એક ભેળની દુકાને સ્થાનિકોની સાથે ઝાલમુરી (ભેળ) ખાવા માટે પહોંચ્યા હતા. જેની તસવીરો પણ સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં પીએમ મોદીનો બંગાળી અવતાર જોવા મળ્યો હતો. કુર્તાની સાથે લાલ રંગનો સ્ટોલ પહેરીને તેમણે ભવ્ય રેલીને સંબોધિત કરી હતી. ત્યારબાદ તેઓ ઝારગ્રામમાં આવેલી એક ભેળની દુકાને પહોંચ્યા હતા અને સ્થાનિકોની સાથે ભેળનો આનંદ માણ્યો હતો.



**સોશિયલ મીડિયા પર કરી પોસ્ટ:** ઝારગ્રામમાં પીએમ મોદીએ જનતા સાથે મળીને ભેળ ખાધી હતી. આ સાથે જ તેઓએ આસપાસ ઉભેલી મહિલાઓ અને બાળકોને ભેળ પણ ખવડાવી હતી. આ તસવીરો શેર કરતાં પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, "પશ્ચિમ બંગાળમાં રવિવારે ચાર રેલીઓ વચ્ચે, જે એક વ્યસ્ત દિવસ હતો, મેં ઝાડગ્રામમાં સ્વાદિષ્ટ ઝાલમુરી (ભેળ)નો આનંદ માણ્યો." **TMC પર લગાવ્યા ગંભીર આરોપ -** ઝાડગ્રામ જિલ્લામાં એક જનસભાને સંબોધિત કરતાં પીએમ મોદીએ આરોપ લગાવ્યો હતો કે, તૃણમૂલ કોંગ્રેસ ઘુસણખોરોની અને ઘુસણખોરો માટે સરકાર બનાવવા માંગે છે. તેમણે કહ્યું કે, "આ ચૂંટણી આ ભૂમિની સમૃદ્ધ વિરાસતને બચાવવા માટે છે. આ બંગાળની ઓળખને બચાવવા માટે છે. આજે બંગાળને પોતાની ઓળખ ગુમાવવાનો ડર છે." તેમણે આગળ કહ્યું હતું કે, "તૃણમૂલ કોંગ્રેસ જે રસ્તે ચાલી રહી છે તે ખૂબ જ ખતરનાક છે. તૃણમૂલ કોંગ્રેસઘુસણખોરોની અને ઘુસણખોરો માટે સરકાર બનાવવા માંગે છે. એવી સરકાર જે બંગાળની જનતાના ધર્મ, ભાષા અને રીતિ-રિવાજોની રક્ષા કરવાને બદલે માત્ર ઘુસણખોરોના ધર્મ, ભાષા અને રીતિ-રિવાજોની રક્ષા કરશે."

### ઈરાને ભારતીય તેલ ટેન્કરો પર કર્યું હતું ફાયરિંગ

# અંધાધૂંધ ફાયરિંગ છતાં "દેશ ગરીમા" હોર્મુઝમાંથી સુરક્ષિત થયું પસાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની પ્રક્રિયા દરમિયાન, એક ભારતીય ધ્વજવંદન તેલ ટેકર સફળતાપૂર્વક મહત્વપૂર્ણ જળમાર્ગ પાર કરી ગયું, જ્યારે ઓછામાં ઓછા ચાર અન્ય જહાજો પાછા ફર્યા. શિપ મોનિટરિંગ ડેટા અનુસાર, "દેશ ગરીમા" નામનું તેલ ટેન્કરે હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યું. શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ **(SCI)** ની માલિકીનું આ ટેકર, માર્ચની શરૂઆતથી આ રૂટ પર પહોંચનાર ૧૦મું ભારતીય ધ્વજવંદન જહાજ છે. મરીનટ્રાફિક અનુસાર, શનિવાર સાંજ સુધી ટેન્કર ઓમાનના અખાતમાંથી પસાર થઈ રહ્યું હતું. ડેટામાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે, ઈરાની ગોળીબાર પછી તેલ ટેકર "સનમાર હેરાલ્ડ," "દેશ વૈભવ," અને "દેશ વિભોર," તેમજ કાર્ગો જહાજ "જગ અર્નવ" એ પોતાનો માર્ગ બદલી નાખ્યો હતો. આ સાથે, પર્સિયન ગલ્ફમાં ભારતીય ધ્વજવાળા જહાજોની સંખ્યા ૧૪ પર પહોંચી ગઈ છે. સરકારી માલિકીની જીઝૈં દેશ વૈભવ અને દેશ વિભોરનું સંચાલન કરે છે, જ્યારે સનમાર હેરાલ્ડનું સંચાલન સન્માર શિપિંગ દ્વારા અને જગ અર્ણવનું સંચાલન ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપની દ્વારા કરવામાં આવે છે. યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ અનુસાર, એક ટેકરે અહેવાલ આપ્યો હતો કે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની બે બોટોએ ઓમાનથી લગભગ ૨૦ નોટિકલ માઈલ ઉત્તરપૂર્વમાં ગોળીબાર કર્યો હતો. આ જ કારણસર ભારતીય જહાજોએ પોતાનો રસ્તો બદલ્યો હોવાનું માનવામાં આવે છે. **tanker trackers.com** અનુસાર, ગોળીબાર બાદ બે ભારતીય ધ્વજવાળા જહાજો, જેમાં ઈરાકી ક્રૂડ ઓઈલ વહન કરતા સુપરટેકરનો પણ સમાવેશ થાય છે, તેમને પાછા ફરવાની ફરજ પડી હતી. હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય જહાજો પર ગોળીબાર અંગે વિદેશ મંત્રાલય **(MEA)** એ ભારતમાં ઈરાની રાજદૂતને સમન્સ પાઠવ્યા. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ બે ભારતીય જહાજો પર ઈરાનીં ઈય્ઝ ગનબોટ દ્વારા કરવામાં આવેલા ગોળીબાર અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી. જોકે, ટેકર અને ક્રૂ સુરક્ષિત હોવાનું જાણવા મળે છે. **MEA** એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે વેપારી જહાજો અને નાવિકોની સલામતીને ભારત કેટલું મહત્વ આપે છે તે દર્શાવે છે અને યાદ અપાવ્યું કે ઈરાને અગાઉ ભારત જનારા અનેક જહાજોને સલામત માર્ગ પૂરો પાડ્યો હતો.

વેપારી જહાજો પર ગોળીબારની આ ગંભીર ઘટના અંગે પોતાની ચિંતા વ્યક્ત કરતા, વિદેશ સચિવે રાજદૂતને ભારતના દ્રષ્ટિકોણને ઈરાની અધિકારીઓ સુધી પહોંચાડવા અને શક્ય તેટલી વહેલી તકે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ભારતીય જહાજોને સુવિધા આપવાની પ્રક્રિયા ફરી શરૂ કરવા વિનંતી કરી. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈરાની રાજદૂતે આ વિચારો ઈરાની અધિકારીઓ સુધી પહોંચાડવાનું વચન આપ્યું છે.

### બંગાળમાં ચૂંટણી પહેલા ભાજપનો દાવ

# પૂર્વ રેલ મંત્રી દિનેશ ત્રિવેદી બનશે બાંગ્લાદેશમાં ભારતના હાઈ કમિશનર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકારે દિનેશ ત્રિવેદીને બાંગ્લાદેશમાં પોતાના નવા હાઈકમિશનર તરીકે નિયુક્ત કર્યા છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે અનેક મહત્વના મુદ્દાઓ પર વાતચીત ચાલી રહી છે અને બંને દેશો પોતાના સંબંધોને સંતુલિત અને મજબૂત જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. પૂર્વ કેન્દ્રીય રેલ મંત્રી અને વરિષ્ઠ ભાજપ નેતા દિનેશ ત્રિવેદીની આ નિમણૂક રાજકીય રીતે પણ મહત્વની માનવામાં આવી રહી છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળના રાજકારણને ધ્યાનમાં રાખતા તેને ભાજપનું એક વ્યૂહાત્મક પગલું માનવામાં આવે છે, જે આગામી ચૂંટણીના સમીકરણો પર અસર કરી શકે છે.

દિનેશ ત્રિવેદીની રાજકીય કારકિર્દી અનેક મહત્વના પડાવમાંથી પસાર થઈ છે. ભાજપમાં આવ્યા પહેલા તેઓ તૃણમૂલ કોંગ્રેસના અગ્રણી નેતાઓમાં સામેલ હતા અને આ જ પાર્ટીના ક્વોટામાંથી સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન **(UPA)** સરકારમાં રેલ મંત્રી બન્યા હતા. જોકે, બાદમાં તેમણે **TMC** થી અંતર જાળવી લીધું અને વર્ષ ૨૦૨૧માં ભાજપનો સાથ પકડ્યો.

દિનેશ ત્રિવેદી હવે પ્રણય વર્માના સ્થાને બાંગ્લાદેશમાં ભારતના હાઈકમિશનરની જવાબદારી સંભાળશે. જ્યારે પ્રણય વર્માને હવે બ્રસેલ્સ મોકલવામાં આવી રહ્યા છે, જ્યાં તેઓ યુરોપિયન યુનિયનમાં ભારતના રાજદૂત તરીકે કાર્યભાર સંભાળશે. આ ફેરફાર ભારતની રાજદ્વારી વ્યૂહનીતિનો એક ભાગ માનવામાં આવે છે. બાંગ્લાદેશમાં હાલના વર્ષોમાં થયેલા રાજકીય ફેરફારોની અસર ભારત સાથેના સંબંધો પર પણ પડી છે. શેખ હસીના સત્તા પરથી હટ્યા બાદ મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં નવી સરકાર બની હતી. આ દરમિયાન હિન્દુ સમુદાય સામે હિંસાની ઘટનાઓ સામે આવી, જેનાથી બંને દેશોના સંબંધોમાં તણાવ વધ્યો હતો. હાલમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓ બાદ તારિક રહેમાન વડાપ્રધાન બનતા ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં ફરી સુધારાના સંકેત મળ્યા છે. **UPA** શાસન દરમિયાન દિનેશ ત્રિવેદીએ રેલ મંત્રી ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી તરીકે પણ જવાબદારી નિભાવી હતી. પરંતુ વર્ષ ૨૦૧૨માં રેલ બજેટ દરમિયાન મુસાફરોના ભાડામાં વધારો કરવાના પ્રસ્તાવથી મોટો રાજકીય વિવાદ ઊભો થયો હતો. આ નિર્ણયનો મમતા બેનર્જીએ સખત વિરોધ કર્યો હતો અને અંતે ત્રિવેદીને પોતાના પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. બાદમાં તેમના સ્થાને મુકુલ રોયને રેલ મંત્રી બનાવવામાં આવ્યા હતા.

દિનેશ ત્રિવેદીએ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ્સ્ઝમાંથી રાજીનામું આપ્યું અને ૬ માર્ચ ૨૦૨૧ના રોજ ભાજપમાં જોડાયા. તે જ વર્ષે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ યોજાઈ હતી, જ્યાં ્સ્ઝના ઘણા નેતાઓ ભાજપ તરફ વળ્યા હતા. જો કે ભાજપને માત્ર ૭૭ બેઠકો પર જ જીત મળી અને મમતા બેનર્જી ફરી એકવાર મુખ્યમંત્રી બન્યા હતા. ૪ જૂન ૧૯૫૦ના રોજ જન્મેલા દિનેશ ત્રિવેદી પશ્ચિમ બંગાળની બેરકપુર લોકસભા બેઠક પરથી ૨૦૦૯ થી ૨૦૧૯ સુધી સાંસદ રહ્યા હતા. આ ઉપરાંત, તેઓ ૧૯૯૦-૯૬ અને ૨૦૦૨-૦૮ દરમિયાન રાજ્યસભાના સાંસદ પણ રહી ચૂક્યા છે. તેમનો રાજકીય અનુભવ અને વહીવટી સમજ હવે બાંગ્લાદેશમાં ભારતના પ્રતિનિધિ તરીકે મહત્વની ભૂમિકા ભજવી શકે છે.






## ઈરાનના પ્રમુખનો હુંકારઃ કોણ છે ટ્રમ્પ જે અમારા રાષ્ટ્રને પરમાણુ અધિકારથી વંચિત રાખે?

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશકિયને તેમના દેશના પરમાણુ કાર્યક્રમ પર રોક લગાવવાની માગના પ્રયાસોને યોગ્ય ઠેરવવાના મામલે પડકાર ફેંક્યો છે. આ સવાલ ઈરાની રાષ્ટ્ર પ્રમુખે કાયદાકીય રીતે ઉઠાવ્યો છે. પેઝેશકિયને તેને એક રીતે બાહ્ય દખલગીરી ગણાવી છે. અમેરિકા સતત ઈરાન પર પરમાણુ કાર્યક્રમ રોકવા માટે દબાણ કરી રહ્યું છે.

અલ જઝીરાના રિપોર્ટ મુજબ રાષ્ટ્ર પ્રમુખ પેઝેશકિયને ઈરાની સ્ટુડન્ટ ન્યૂઝ એજન્સીના હવાલેથી આ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે વોશિંગ્ટન પાસે ઈરાન પાસેથી તેના ટેકનોલોજીકલ અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરવા માટે કોઈ યોગ્ય કારણ નથી. રાષ્ટ્ર પ્રમુખનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે આ મુદ્દે તણાવ બનેલો છે. રાષ્ટ્ર પ્રમુખે અમેરિકાના વહીવટીતંત્ર પર નિશાન સાધતા કહ્યું કે ટ્રમ્પ કહે છે કે ઈરાન તેના પરમાણુ અધિકારોનો ઉપયોગ કરી શકશે નહીં. તેઓ એ નથી જણાવતા કે કયા ગુના માટે? તેઓ કોણ છે કોઈ દેશને તેના અધિકારોથી વંચિત રાખનારા? હવે એવું માનવામાં આવે છે કે ઈરાન પોતાના પરમાણુ કાર્યક્રમને લઈને અમેરિકા સામે નમવા બિલકુલ તૈયાર નથી.

# તંત્રી લેખ......

## મહિલાઓના હિતોને અવગણવામાં આવ્યા, અનામત ફરી મુલતવી

આખરે, જે અપેક્ષા હતી તે થયું. મહિલા અનામત સંબંધિત બંધારણ સુધારો બિલ બે તૃતીયાંશ બહુમતી ન હોવાને કારણે લોકસભામાં પસાર થઈ શક્યું નહીં. આ સાથે, મહિલા અનામત ફરી એકવાર મુલતવી રાખવામાં આવ્યું છે. તેનો અમલ ક્યારે થશે તે કહેવું મુશ્કેલ છે. જો નજીકના ભવિષ્યમાં શાસક અને વિપક્ષી પક્ષો વચ્ચે કોઈ સર્વસંમતિ ન બને, તો એવી શક્યતા છે કે ૨૦૩૪ની લોકસભા ચૂંટણી પહેલા મહિલા અનામતનો અમલ નહીં થાય.

મહિલા અનામતમાં વધુ વિલંબ દુર્ભાગ્યપૂર્ણ રહેશે. એ નોંધવું જોઈએ કે મહિલા અનામતના સ્વપ્નને સાકાર કરવામાં પહેલેથી જ ઘણું મોડું થઈ ગયું છે. મહિલા અનામતનો વિચાર લગભગ ત્રણ દાયકા પહેલા રાજકીય ચર્ચાનો વિષય બન્યો હતો. ત્યારબાદ, બધા પક્ષોએ મહિલા અનામતની તરફેણમાં વાત કરી હતી, પરંતુ તેઓ તેને અમલમાં મૂકવા માટે સંપૂર્ણપણે તૈયાર નહોતા. આ જ કારણ છે કે મહિલા અનામત બિલ, સંસદમાં ઘણી વખત રજૂ કરવામાં આવ્યું હોવા છતાં, આગળ વધવામાં નિષ્ફળ ગયું. અંતે, ૨૦૨૩ માં, તે બધા પક્ષોની સર્વસંમતિથી પસાર થયું, પરંતુ જોગવાઈ સાથે કે તે ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓ દરમિયાન લાગુ કરવામાં આવશે. આ ૨૦૨૧ની વસ્તી ગણતરીમાં વિલંબને કારણે થયું. નવી વસ્તી ગણતરી હમણાં જ શરૂ થઈ છે અને તેના પરિણામો આવવામાં સમય લાગશે, તેથી આગામી સામાન્ય ચૂંટણીઓથી મહિલા અનામતને અસરકારક બનાવવા અને વિપક્ષના વાંધાઓને દૂર કરવા માટે, મોદી સરકારે તમામ રાજ્યોમાં લોકસભા બેઠકોની સંખ્યામાં ૫૦ ટકા વધારો કરીને મહિલા અનામત લાગુ કરવા માટે એક ફોર્મ્યુલા પ્રસ્તાવિત કર્યો. બધા રાજ્યોમાં લોકસભા બેઠકોની સંખ્યામાં ૫૦ ટકા વધારો કરવાના ફોર્મ્યુલાથી વિપક્ષ કેમ ખુશ ન હતા તે જાણી શકાયું નથી, ભલે તે કોઈપણ રાજ્યના, ખાસ કરીને દક્ષિણ રાજ્યોના રાજકીય હિતોને નુકસાન પહોંચાડશે નહીં. જો વિપક્ષ નવી વસ્તી ગણતરી અને તેના આધારે સીમાંકનના આધારે મહિલા અનામત લાગુ કરવાના પોતાના આગ્રહને છોડી દેત તો તે વધુ સારું હોત, કારણ કે જો વસ્તીના આધારે મહિલા અનામત લાગુ કરવામાં આવે તો દક્ષિણ અને ઉત્તરપૂર્વ ભારતના ઓછી વસ્તીવાળા રાજ્યો રાજકીય રીતે નુકસાનમાં રહેશે. મહિલા અનામતમાં વિવિધ શ્રેણીઓ માટે અલગ અનામતની વિપક્ષની માંગણીની વાત કરીએ તો, એ વાતને અવગણી શકાય નહીં કે ૨૦૨૩ માં આવી કોઈ માંગ કરવામાં આવી ન હતી. મહિલા અનામત સુધારા બિલ પસાર કરવામાં નિષ્ફળતા પર વિપક્ષ નિઃશંકપણે વિજય જાહેર કરશે, પરંતુ આમ કરવાથી, તે દેશની મહિલાઓને નિરાશ કરશે. શાસક પક્ષને ચોક્કસપણે આંચકો લાગ્યો છે, પરંતુ તેણે એવો પ્રચાર કરવાની તક પણ ઝડપી લીધી છે કે વિપક્ષે મહિલા અનામતના અમલીકરણને અટકાવ્યું અને આમ અડધી વસ્તીની આશાઓ પર પાણી ફેરવી દીધું.

### દંતાણી સમાજના પ્રથમ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલનું ૨૩૭મું અંગદાન

## સિવિલમાં માનવતાનો મહાયજ્ઞ: ત્રણ દિવસ, ત્રણ અંગદાન અને ૧૧ જિંદગીઓને નવજીવન







અમદાવાદ સિવિલ હોસ્પિટલ આજે માત્ર સારવારનું કેન્દ્ર જ નહીં, પરંતુ માનવતાની જ્યોતને સતત પ્રજ્વલિત રાખતું સ્થળ બની રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં હોસ્પિટલના આંગણે જે રીતે એક પછી એક ત્રણ અંગદાન અને એક ત્વચાદાનની ઘટનાઓ બની છે, તેણે સમગ્ર સમાજ માટે સેવાનો નવો રાહ ચીંધ્યો છે. આ ત્રણ દિવસના ટૂંકા ગાળામાં થયેલા 'અંગદાનના મહાયજ્ઞ' થકી ૧૦ મહત્વના અંગો અને એક પેશીના દાનથી કુલ ૧૧ જરૂરિયાતમંદ દર્દીઓના જીવનમાં અંધકાર દૂર થઈ નવી આશાનો સંચાર થયો છે. આ શ્રૃંખલાની પ્રથમ કડીમાં ગાંધીનગરના ૫૦ વર્ષીય બહરાનભાઈ પંડિતનો સમાવેશ થાય છે. વ્યવસાયે કડિયાકામ કરતા બહરાનભાઈ અચાનક ચક્કર આવતા પટકાયા અને અંતે બ્રેઈન ડેડ જાહેર થયા. આવી કપરી પરિસ્થિતિમાં પણ તેમના પત્ની સંગીતાબેને અપ્રતિમ સાહસ બતાવી અંગદાનનો નિર્ણય લીધો, જેના દ્વારા મળેલા એક લીવર અને બે કિડનીએ ત્રણ વ્યક્તિઓને મોતના મુખમાંથી બચાવ્યા છે. સંવેદનાનો આવો જ બીજો કિસ્સો આઈસીયુમાં સારવાર લઈ રહેલા ૪૨ વર્ષીય દર્દીના પરિવારે આલેખ્યો, જેમણે પોતાના અંગત સ્વજનના વિરહ વચ્ચે પણ એક લીવર, એક હૃદય અને બે કિડનીનું દાન આપીને ચાર જિંદગીઓને જીવનદાન આપ્યું.

માનવતાના આ યજ્ઞમાં એક વિશેષ અને પ્રેરણાદાયી વળાંક ત્યારે આવ્યો જ્યારે નારોલના ૪૫ વર્ષીય રિક્ષાચાલક પૂરણભાઈ દંતાણીને બ્રેઈન હેમરેજ બાદ બ્રેઈન ડેડ જાહેર કરાયા. પૂરણભાઈના પત્ની અલકાબેન અને તેમના પરિવારે લીવર તેમજ બે કિડનીના દાનની સંમતિ આપીને ઈતિહાસ રચી દીધો. દંતાણી સમાજમાંથી સિવિલમાં થયેલું આ પ્રથમ અંગદાન છે

સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકના જણાવ્યા અનુસાર, સરકાર અને સેવાભાવી સંસ્થાઓના પ્રયાસોથી હવે સમાજના દરેક સ્તરે અંગદાનની જાગૃતિ પ્રસરી રહી છે.

માત્ર અંગદાન જ નહીં, પરંતુ ત્વચાદાન ક્ષેત્રે પણ સિવિલ હોસ્પિટલ અગ્રેસર રહી છે. મણિનગરની કેર એન્ડ ક્યોર મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાંથી ડો. કિરણ શાહની પ્રેરણાથી ૫૧ વર્ષીય મૃતક અંજનાબેન પટેલના પતિ જતીનભાઈએ પત્નીની ત્વચાનું દાન કરવાનો ઉમદા નિર્ણય લીધો. આ દાનમાં મળેલી ત્વચા આગામી સમયમાં દાઝેલા કે ગંભીર ઈજા પામેલા દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ખાસ વાત એ છે કે, ૧૯ એપ્રિલ 'વિશ્વ લીવર દિવસ'ના રોજ જ સિવિલ હોસ્પિટલે ૨૩૭માં અંગદાનનો આંકડો પાર કર્યો છે.

સિવિલ હોસ્પિટલની અંગદાનની આ સફર આંકડાકીય રીતે પણ ખૂબ જ પ્રભાવશાળી છે. અત્યાર સુધીમાં કુલ ૨૩૭ અંગદાનના માધ્યમથી ૭૮૪ અંગો અને ૨૩૭ પેશીઓ પ્રાપ્ત થયા છે. જેમાં ૨૧૧ લીવર, ૪૩૭ કિડની, ૭૫ હૃદય, ૩૪ ફેફસાં અને અન્ય અંગો સહિત કુલ ૧૦૨૧ અંગો-પેશીઓના દાન મેળવીને સિવિલ હોસ્પિટલે રાજ્ય અને દેશમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે કોઈ પરિવાર પોતાના સ્વજનને ગુમાવ્યાના આઘાતની વચ્ચે અન્યને જીવન આપવાનો નિર્ણય લે છે, ત્યારે તે માત્ર તબીબી પ્રક્રિયા નથી રહેતી, પણ માનવતાનો સર્વોચ્ચ ઉત્સવ બની જાય છે. આ તમામ દાતા પરિવારોની ઉદારતા અને સિવિલની ટીમની મહેનતને કારણે જ આજે 'અંગદાન એ મહાદાન' સૂત્ર સાર્થક થઈ રહ્યું છે.

### હરાજીનો પ્રારંભ

## કેસર કેરીનું પહેલું બોક્સ ૧૧૧૧૧ રૂપિયામાં વેચાયું!




(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

તાલાલા ગીર ખાતે વિશ્વપ્રસિદ્ધ કેસર કેરીની હરાજીનો ઔપચારિક પ્રારંભ ઉત્સાહભેર થયો છે. આ વર્ષે સિઝનની શરૂઆત સાથે જ વેપારીઓ, ખેડૂતો અને ખરીદદારોમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે.

પ્રથમ જ દિવસે હરાજીમાં ૧૦ કિલો કેસર કેરીનું પહેલું બોક્સ ૧૧,૧૧૧ રૂપિયામાં ખરીદવામાં આવ્યું. આ રકમ ગૌશાળાના લાભાર્થે સમર્પિત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે, જેના કારણે આ હરાજીને ધાર્મિક અને સામાજિક સ્પર્શ પણ મળ્યો છે.

આ દ્રશ્યો છે એકમાત્ર ગીરની પ્રખ્યાત કેસર કેરીની હરાજી થતા માર્કેટિંગ યાર્ડના, જ્યાં આજે વિધિવત રીતે ગીરની શાન ગણાતી કેસર કેરીની હરાજીનો વિધિવત રીતે પ્રારંભ થયો છે અને હરાજીના પ્રારંભિક દિવસે જ કેસર કેરીના ભાવમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. બજારમાં ૧૦ કિલોના એક બોક્સના સરેરાશ ભાવ ૬૦૦ રૂપિયાથી લઈને ૧૪૦૦ રૂપિયા સુધી બોલાયા હતા. ગુણવત્તા, કદ અને માંગ પ્રમાણે ભાવમાં ફરક જોવા મળ્યો હતો.

વેપારીઓના જણાવ્યા મુજબ, આ શરૂઆતના ભાવોને જોતા આ વર્ષે ખેડૂતોને સારી આવક મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. તાલાલા મેંગો માર્કેટમાં માત્ર તાલાળા ગીર જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોમાંથી પણ કેસર કેરીની આવક થતી હોવાથી બજારમાં સારી ચહલપહલ રહેવાની શક્યતા છે.

આ વર્ષે કેરીના ઉત્પાદનને લઈ તાલાળા મેંગો માર્કેટ ચેરમેનના જણાવ્યા મુજબ કેરીની સિઝન લાંબી ચાલશે અને સાથે ત્રણ તબક્કા ફ્લાવરિંગ આવ્યું હોવાથી અને આસપાસના વિસ્તારોમાંથી પણ ખેડૂતો તાલાળા ગીરમાં કેસર કેરી લઈને આવતા હોવાથી ગત વર્ષની સરખામણીએ આ વર્ષે કેસર કેરીની આવક વધુ રહેવાની સંભાવના છે અને સિઝન લાંબી ચાલવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.કેરીની આવક તબક્કાવાર બજારમાં આવશે અને સિઝન અંદાજે દોઢ મહિના સુધી લંબાઈ શકે છે. આ પરિસ્થિતિ ખેડૂતો માટે લાભદાયી સાબિત થઈ શકે છે, કારણ કે સતત આવક મળવાની શક્યતા વધે છે. આમ તાલાળા ગીરની કેસર કેરીની હરાજી માત્ર વેપાર માટે જ નહીં, પરંતુ સામાજિક અને આર્થિક રીતે પણ મહત્વપૂર્ણ બની રહી છે. હવે આવનારા દિવસોમાં બજારના ભાવ, આવક અને માંગ પર સૌની નજર રહેશે.

## અમદાવાદ મંડળની ઐતિહાસિક સિદ્ધિ: પ્રથમ વખત જમ્મુ-કાશ્મીર માટે દૂધ ઉત્પાદનોની કાર્ગો રેક મોકલાઈ



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ પરિવહન ક્ષેત્રમાં નવી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. જમ્મુ-કાશ્મીર માટે દૂધ ઉત્પાદનોની પ્રથમ કાર્ગો રેક સફળતાપૂર્વક રવાના કરવામાં આવી છે.આ વિશેષ કન્સાઈન્મેન્ટ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (અમૂલ) માટે લિંચ (LCH) સ્ટેશન પરથી લોડ કરવામાં આવી છે. આ રેકમાં કુલ ૨૦ બીસીએન વેગનોનો સમાવેશ થાય છે, જેને બે ભાગોમાં વહેંચવામાં આવ્યા છે. ૧૦ વેગન બારી બ્રાહ્મણ (BBMN) અને બાકીના ૧૦ વેગન ઉત્તર રેલવેના જમ્મુ-તવી મંડળના અનંતનાગ (ANT) સ્ટેશન માટે મોકલવામાં આવ્યા છે. આ પરિવહન દ્વારા રેલવેને રૂ.૨૪.૬૨ લાખનું માલભાડું આવક રૂપે પ્રાપ્ત થયું છે. આ પહેલ માત્ર ડેરી ઉત્પાદનોની સતત પુરવઠા શ્રેણી સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ પગલું જ નથી, પરંતુ દેશના દૂરસ્ત વિસ્તારો સુધી આવશ્યક વસ્તુઓ પહોંચાડવા માટે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાને પણ દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ ઑક્ટોબર ૨૦૨૫માં કાશ્મીર ખીણમાં માલ પરિવહન ક્ષેત્રમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ હતી, જ્યારે ૧,૩૫૦ ટન ઔદ્યોગિક મીઠાની પ્રથમ રેલ કન્સાઈન્મેન્ટ ગુજરાતના અમદાવાદ મંડળના ખારાઘોડા (KOD) સ્ટેશનથી અનંતનાગ (ANT) સ્ટેશન સુધી સફળતાપૂર્વક પહોંચાડવામાં આવી હતી.

મીઠા અને દૂધ ઉત્પાદનોની આ સફળ કન્સાઈન્મેન્ટ દ્વારા અમદાવાદ મંડળે જમ્મુ-કાશ્મીર સાથેના પોતાના વેપારી અને આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે. આ પહેલ ગુજરાતના ડેરી અને ઔદ્યોગિક ક્ષેત્રોને કાશ્મીર ખીણના બજારો સાથે સીધી રીતે જોડવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે.

### ઉધના રેલવે સ્ટેશન બન્યું યુદ્ધનું મેદાન

## વતનની વાટે મુસાફરોની ૫ કિમી લાંબી લાઈનો, પોલીસનો લાઠીચાર્જ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ઉધના રેલવે સ્ટેશન પર આજે માનવ મહેરામણ એ રીતે ઉભરાયું કે તંત્રના તમામ આયોજનો વામણા સાબિત થયા. ઉનાળુ વેકેશન, લગ્નસરાની સિઝન અને મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિને કારણે સર્જાયેલી ગેસ સિલિન્ડરની અછત વચ્ચે હજારો શ્રમિકોએ વતનની વાટ પકડી છે. પરિસ્થિતિ એટલી હદે વણસી હતી કે ભીડને કાબૂમાં લેવા માટે પોલીસને હળવો બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી.

ઉત્તર પ્રદેશ અને બિહાર જવા માટે ઉધના સ્ટેશનની બહાર અંદાજે ૫ કિલોમીટર લાંબી લાઈનો જોવા મળી હતી. મુસાફરો ગઈકાલ સાંજથી, એટલે કે ૧૬-૧૬ કલાકથી ધોમધખતા તાપમાં લાઈનમાં ઉભા છે. આ ભીડમાં નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધોની હાલત કફોડી બની છે. પીવાના પાણી માટે પડાપડી થઈ રહી છે અને શેડની સુવિધા ન હોવાથી લોકો કાળઝાળ ગરમીમાં શેકાયા હતા. ગરમીના કારણે એક મુસાફર બેભાન થઈ જવાની ઘટના પણ બની હતી, જેને તાત્કાલિક સારવાર માટે ખસેડાયો હતો.

રેલવેના સત્તાવાર નિવેદન મુજબ, કેટલાક મુસાફરો બેરિકેડ્સ ઓળંગીને સ્ટેશનમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જેના કારણે ભાગદોડ (Stampede) સર્જાવાનો ભય હતો. આ સ્થિતિને રોકવા માટે પોલીસે લાઠીઓ વીંઝવી પડી હતી. સ્ટેશન પર વિશાળ પોલીસ કાફલો અને TTEની ટીમ તૈનાત કરવામાં આવી છે જેથી ટિકિટ વગરના મુસાફરોને રોકી શકાય.

ટ્રેનોની અછતને કારણે સ્થિતિ એવી છે કે ૧૦૦ મુસાફરોની ક્ષમતા ધરાવતા ડબ્બામાં ૪૦૦ થી ૫૦૦ લોકો ખીચોખીચ ભરાઈને મુસાફરી કરી રહ્યા છે.

### સામે આવ્યું ચોંકાવનારું કારણ

## ઈરાન દ્વારા ખામેનેઈની દફનવિધિ કરાઈ નથી

### એવું માનવામાં આવે છે કે ઈરાની અધિકારીઓ મોટા જાહેર કાર્યક્રમ સાથે જોડાયેલા જોખમોનું આંકલન કરી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈનું ઈઝરાયલ-અમેરિકાના સંયુક્ત હુમલામાં મોત થયું હતું, પરંતુ તેમના શરીરને ઈરાન તરફથી અત્યાર સુધી અંતિમ વિદાય આપવામાં આવી નથી. ઘણા અઠવાડિયા વીતી ગયા હોવા છતાં ઈરાની અધિકારીઓએ તેમની અંતિમવિધિ અંગે નિર્ણય લીધો નથી.

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈના મોતના ઘણા અઠવાડિયા પછી પણ તેમને સુપુર્દ-એ-ખાક કરવા અંગે નિર્ણય લઈ શકાયો નથી. ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ મુજબ અધિકારીઓ આ માટે સુરક્ષા કારણો અને લોજિસ્ટિક પડકારોનો હવાલો આપી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે ઈરાની અધિકારીઓ મોટા જાહેર કાર્યક્રમ સાથે જોડાયેલા જોખમોનું આંકલન કરી રહ્યા છે, તેની સાથે સંભવિત ઈઝરાયલ હુમલાના ભય અને જનસભા દરમિયાન અશાંતિની શક્યતાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.ફાઉન્ડેશન ફોર ડિફેન્સ ઓફ ડેમોક્રસીઝના બેહનમ તાલેબ્લુએ જણાવ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં સરકાર આ પ્રક્રિયાને આગળ વધારવામાં ખચકાઈ રહી છે. તેમણે સંઘર્ષ વચ્ચે તેહરાન સામે રહેલી અનેક નબળાઈઓ તરફ ઈશારો કરતા કહ્યું, સીધા શબ્દોમાં કહીએ તો, શાસન એટલું ડરેલું અને એટલું નબળું છે કે જોખમ લેવાની હિંમત કરી શકતું નથી.

જણાવી દઈએ કે, ૮૬ વર્ષીય આયતુલ્લા અલી ખામેનેઈ ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હવાઈ હુમલામાં માર્યા ગયા હતા, જેનાથી ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ વધુ ભડક્યો હતો. આ ઘટના પછી અત્યાર સુધી ખામેનેઈને અંતિમ વિદાય આપવામાં આવી નથી. ૧૯૮૯માં જ્યારે આયાતુલ્લા રૂહોલ્લાહ ખુમૈનીનું નિધન થયું હતું, ત્યારે તેમના માટે ભવ્ય સ્ટેટ ફ્યુનરલ યોજાયું હતું, જેમાં તે સમયે તેહરાનમાં લાખો લોકો એકઠા થયા હતા. નિષ્ણાતોનું કહેવું છે કે ખામેનેઈના મૃત્યુ પછી તેવા દ્રશ્યો અત્યાર સુધી જોવા મળ્યા નથી. હવાઈ હુમલા અને અસ્થિર પરિસ્થિતિના કારણે મોટા પાયે શોક વ્યક્ત કરવાની સ્થિતિ બની શકી નથી. બીજી તરફ, તાલેબ્લુએ એમ પણ કહ્યું કે સરકારને આંતરિક અસંતોષ અને સૂચનાના નિયંત્રણ અંગે ચિંતા છે. રિપોર્ટ મુજબ ઈરાની અધિકારીઓ મશહદને ખામેનેઈના અંતિમ કાર્યક્રમ માટે સંભવિત સ્થળ તરીકે વિચારી રહ્યા છે. માનવામાં આવે છે કે અહીં સુરક્ષા વ્યવસ્થા ગોઠવવી પણ સરળ રહેશે. ઈરાની સરકારી મીડિયા અનુસાર, ૪ માર્ચથી શરૂ થનારી ત્રણ દિવસીય સ્ટેટ ફ્યુનરલની શરૂઆતની યોજના રદ કરવામાં આવી હતી, કારણ કે અમેરિકા અને ઈઝરાયલ મોટા પાયે હુમલા કરતાં હતા. બાદમાં અધિકારીઓએ વિલંબનું એક કારણ અત્યંત ભીડની અપેક્ષા પણ જણાવી હતી, પરંતુ અત્યાર સુધી આ માટે કોઈ નવી તારીખ નક્કી કરવામાં આવી નથી.

### ભારત અને રશિયા વચ્ચે લશ્કરી કરાર

## રશિયામાં તૈનાત કરાશે ૩,૦૦૦ ભારતીય સૈનિકો, ૧૦ ફાઈટર જેટ અને ૫ યુદ્ધ જહાજ

### લશ્કરી કરારથી ભારતને મુખ્ય ફાયદો એ થશે કે તેને રશિયન નૌકાદળના થાણા અને હવાઈ મથકો સુધી પહોંચ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ સહયોગને મજબૂત બનાવવા માટેનો એક મહત્વપૂર્ણ કરાર હવે અમલમાં આવ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં નવી દિલ્હી અને મોસ્કો વચ્ચે થયેલ આ કરાર ઈન્ડો-રશિયન રેસિપ્રોકલ એક્સચેન્જ લોજિસ્ટિક્સ એગ્રીમેન્ટ(RELOS) તરીકે ઓળખાય છે. આ કરાર આ વર્ષની ૧૨ જાન્યુઆરીથી અમલમાં આવ્યો. રશિયાના સત્તાવાર કાનૂની માહિતી પોર્ટલે શુક્રવારે આ કરારની જાણકારી આપી છે. આ કરારની શરતો હેઠળ ભારત અને રશિયાને હવે એકબીજાના પ્રદેશોમાં મર્યાદિત લશ્કરી હાજરી જાળવવાની પરવાનગી છે. આમાં એક સાથે મહત્તમ ૩,૦૦૦ સૈનિકો, ૫ યુદ્ધ જહાજો અને ૧૦ વિમાનોની તૈનાતીનો સમાવેશ થાય છે.

શરૂઆતમાં, આ તૈનાતી પાંચ વર્ષના સમયગાળા માટે અધિકૃત કરવામાં આવશે, જેમાં બંને દેશોની પરસ્પર સંમતિને આધીન વધારાના પાંચ વર્ષ માટે તેને લંબાવવાનો વિકલ્પ હશે. રશિયન સંસદ (ડુમા)એ ડિસેમ્બર ૨૦૨૫માં આ કરારને બહાલી આપી. ત્યારબાદ, આંતરરાષ્ટ્રીય બાબતોની સમિતિના પ્રથમ ઉપાધ્યક્ષ વ્યાચેસ્લાવ નિકોનોવે સંસદમાં બહાલીની પુષ્ટિ કરતા કહ્યું કે આ કરાર બંને દેશો વચ્ચે લશ્કરી સહયોગ અને લોજિસ્ટિકલ સપોર્ટને વધુ મજબૂત બનાવશે.

નિષ્ણાતોના મતે, આ કરારને એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે જે ભારત અને રશિયા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જાય છે, જે બંને દેશોને જરૂરિયાતના સમયે એકબીજાના લશ્કરી સંસાધનો અને થાણાઓનો વધુ અસરકારક ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે.

ભારત અને રશિયા વચ્ચે ઈન્ડો-રશિયન રેસિપ્રોકલ એક્સચેન્જ લોજિસ્ટિક્સ એગ્રીમેન્ટ (RELOS) ફક્ત એક પ્રમાણભૂત સંરક્ષણ કરાર નથી, તેના બદલે તે બંને દેશો વચ્ચે લશ્કરી સહયોગને સંપૂર્ણપણે નવા સ્તરે વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ કરારમાં સંયુક્ત લશ્કરી કવાયતો, તાલીમ કાર્યક્રમો અને માનવતાવાદી સહાય મિશનનો સમાવેશ થાય છે, જે બે સશસ્ત્ર દળો વચ્ચે આંતર-કાર્યક્ષમતા અને સંકલનને વધુ વધારવા માટે રચાયેલ છે.

વધતા વૈશ્વિક તણાવ વચ્ચે ખાસ કરીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષો અને યુક્રેનમાં યુદ્ધ આ કરાર વધુ મહત્વપૂર્ણ બને છે. RELOS ફક્ત લશ્કરી કર્મચારીઓ અને સાધનોની અવરજવરનું આયોજન જ નથી કરતું, પરંતુ તેમના માટે જરૂરી લોજિસ્ટિક્સ એટલે કે પુરવઠો અને સહાયક સિસ્ટમને પણ સુવ્યવસ્થિત કરે છે. આ કરાર હેઠળ જ્યારે પણ એક દેશની સેના બીજા દેશમાં તૈનાત કરવામાં આવે છે, ત્યારે યજમાન રાષ્ટ્ર વિવિધ પ્રકારની આવશ્યક સુવિધાઓ પૂરી પાડે છે. ઉદાહરણ તરીકે, યુદ્ધ જહાજો માટે બંદર એક્સેસ, મેન્ટેનન્સ ફેસિલિટી, પાણી અને ખાદ્ય પુરવઠો, તેમજ તકનીકી સંસાધનો જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેવી જ રીતે લશ્કરી વિમાનો માટે, કરારમાં હવાઈ ટ્રાફિક નિયંત્રણ, ફલાઈટ-સંબંધિત ડેટા, ફલાઈટ વિનંતીઓની પ્રક્રિયા, નેવિગેશન સિસ્ટમ્સની એક્સેસ અને વિમાન પાર્કિંગ અને સુરક્ષા જેવી સેવાઓનો સમાવેશ થાય છે.

વધુમાં ઉડ્ડયન બળતણ, લુબ્રિકન્ટ્સ અને અન્ય વિશિષ્ટ પ્રવાહી જરૂરિયાતો અનુસાર પૂરા પાડવામાં આવે છે. જો કોઈ સાધનસામગ્રીમાં ખામી સર્જાય છે, તો તેના સમારકામ માટે પણ વ્યવસ્થા કરવામાં આવે છે, સ્થાપિત નિયમો અનુસાર ચુકવણીની પ્રક્રિયા કરવામાં આવે છે. એકંદરે, RELOS કરાર ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ વ્યવહારુ, ઝડપી અને અસરકારક બનાવવાના હેતુથી એક મહત્વપૂર્ણ પહેલ રજૂ કરે છે - એક પગલું જે વિકસતા વૈશ્વિક પરિદૃશ્ય વચ્ચે વ્યૂહાત્મક સંતુલન જાળવવામાં મદદ કરશે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ભારતીય ક્રિકેટ અંગે ટૂંક સમયમાં મોટો નિર્ણય લેવાશે

# ભારતીય ચીફ સિલેક્ટર અજીત અગરકરનો કાર્યકાળ લંબાવાશે

### બોર્ડ અગરકરના કાર્યકાળને ખૂબ જ સફળ માને છે




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ અંગે ટૂંક સમયમાં એક મોટો નિર્ણય જાહેર થવાની ધારણા છે. એવી પ્રબળ શક્યતા છે કે અજીત અગરકરને મુખ્ય પસંદગીકાર તરીકેનો કાર્યકાળ લંબાવવામાં આવશે. તેમનો વર્તમાન કરાર જૂન ૨૦૨૬માં સમાપ્ત થવાનો છે. જો કે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) નજીકના ભવિષ્ય માટે તેમને આ ભૂમિકામાં જાળવી રાખવાના પક્ષમાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બોર્ડે હવે ૨૦૨૭ના ICC ODI વર્લ્ડ કપ પર સીધી નજર રાખી છે. આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને અગરકરને કાર્યકાળ લંબાવવાનો નિર્ણય લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. બોર્ડ અગરકરના કાર્યકાળને ખૂબ જ સફળ માને છે. તેમના નેતૃત્વ હેઠળ ટીમ ઈન્ડિયાએ સતત મોટી ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ભારતે ૨૦૨૪ ICC મેન્સ T20 વર્લ્ડ કપ, ૨૦૨૫ ICC ચેમ્પિયન્સ ટ્રોફી અને ૨૦૨૬ ICC મેન્સ T20 વર્લ્ડ કપ જેવા મોટા ખિતાબ જીત્યા છે. વધુમાં ટીમ ૨૦૨૩ ICC વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી હતી. સૂત્રોએ વધુમાં જણાવ્યું કે અગરકરના કાર્યકાળમાં ટીમ ઈન્ડિયામાં સ્મૂથ ટ્રાન્ઝિશન જોવા મળ્યું છે. સિનિયર અને યુવા ખેલાડીઓ વચ્ચે સંતુલન જાળવવા ઉપરાંત પસંદગી પ્રક્રિયા દરમિયાન ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેનાથી ટીમને એક નવી દિશા મળી છે.

બોર્ડ માને છે કે અગરકરની રણનીતિ અને પસંદગી નીતિએ ટીમના 'નિર્ભય અભિગમ' અને સતત સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ જ કારણ છે કે BCCI હવે તેમનો કરાર લંબાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. જો આ નિર્ણયને સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવે છે, તો ટીમ ઈન્ડિયાની પસંદગી નીતિની જવાબદારી ફરી એકવાર ૨૦૨૭ વર્લ્ડ કપ સુધી અજિત અગરકરના હાથમાં રહેશે. ખુદ અગરકરની વાત કરીએ તો, તેમણે જુલાઈ ૨૦૨૩માં ભારતીય ટીમ માટે મુખ્ય પસંદગીકારની ભૂમિકા સંભાળી હતી. તેમણે ટેસ્ટ, ODI અને T20 ક્રિકેટમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે.

# CSKને મોટો ફટકો! : ટીમ માટે સૌથી વધુ રન આયુષ મ્હાત્રેને ગંભીર ઈજા



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026માં ચેન્નઈ સુપર કિંગ્સ(CSK) ટીમને મોટો ફટકો લાગ્યો છે. જેમાં સિઝનમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીને ગંભીર ઈજા પહોંચી છે, જેની જાણકારી ટીમના બેટિંગ કોચ માઈકલ હસીએ આપી છે. પૂર્વ કેપ્ટન એમએસ ધોની ઈજાગ્રસ્ત હોવાના કારણે એકપણ મેચ રમી શક્યા નથી. જ્યારે હવે બેટર આયુષ મ્હાત્રે ઈજાગ્રસ્ત થતાં ટીમનું ટેન્શન વધ્યું છે.

ચેન્નઈની છેલ્લી મેચ ગત ૧૮ એપ્રિલના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે રમાઈ હતી. આ મેચ દરમિયાન આયુષ બેટિંગ કરતી વખતે પીડામાં હોવાનું જણાયું હતું. તેણે પોતાની ઈનિંગ દરમિયાન ફિઝિયોની મદદ લીધી હતી. આયુષે ૧૩ બોલમાં ૫ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૩૦ રનની ઈનિંગ રમી હતી. બેટિંગ કોચ હસીએ આયુષની ઈજાને લઈને કહ્યું કે, મ્હાત્રેને હેમસ્ટ્રિંગ ટિયર છે. મને નથી ખબર કે આ કેટલું ગંભીર છે. અમે સ્કેન કરાવીશું, પરંતુ આ અમારા માટે દુર્ભાગ્યપૂર્ણ છે. જેનાથી ટીમને મોટું નુકસાન થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, આયુષ સિઝનમાં ચેન્નઈ માટે સૌથી વધુ રન કરનાર બેટર છે. તેણે ૬ મેચની ૬ ઈનિંગ્સમાં ૩૩.૫૦ની સરેરાશ અને ૧૭૭.૮૮ સ્ટ્રાઈક રેટથી ૨૦૧ રન કર્યા છે. આ દરમિયાન તેણે ૨ અર્ધસદી ફટકારી છે. વધુમાં માઈકલ હસીએ કહ્યું કે, શરૂઆતી સંકેત સારા દેખાઈ રહ્યા નથી. ઈજાની ગંભીરતા સ્કેન બાદ જાણવા મળશે. આમ, ગંભીર ઈજાને કારણે આયુષ કેટલી મેચ ગુમાવશે તેની જાણકારી હસીએ આપી નથી, પરંતુ સ્કેન આવ્યા બાદ તેના વિશે ખ્યાલ આવશે.

### પરિવારે હત્યાનો આક્ષેપ કરી ન્યાયિક તપાસની માંગ કરી

# નોકરીએ જવા નીકળેલા યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટા ઉદેપુર

છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં એક યુવાનના મોતના મામલે ભારે રહસ્ય સર્જાયું છે. મુસેટ જામલી ગામનો યુવાન નોકરીએ જવા નીકળ્યા બાદ તેનો મૃતદેહ મળી આવતા પરિવારમાં શોકનો માહોલ છે. પોલીસ આ ઘટનાને પ્રાથમિક દ્રષ્ટિએ અકસ્માત ગણાવી રહી છે, જ્યારે પરિવારે પુત્રની હત્યા કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે. મળતી માહિતી મુજબ, મુસેટ જામલી ગામનો રહેવાસી નિલેશ જેસિંગ વણકર એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. રોજની જેમ સવારે તે પોતાની બાઈક લઈને નોકરી માટે ઘરેથી નીકળ્યો હતો. જોકે, દિવસ દરમિયાન પરિવારજનોએ સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ નિલેશનો ફોન ઉપડ્યો નહોતો અને બીજો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. ચિંતાતુર પરિવારે ઓફિસ સહિતના સ્થળોએ તપાસ કરી છતાં કોઈ પત્તો લાગ્યો નહોતો.

સાંજના સમયે ગામના સરપંચનો પરિવાર પર ફોન આવ્યો અને તેમને ઉમઠી ગામ પાસે વખતગઢ રોડ પર બોલાવવામાં આવ્યા હતા. ત્યાં રસ્તાની બાજુમાં નિલેશ તેની બાઈક પાસે લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને કવાંટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

નિલેશના પિતા અને પરિવારજનોનું માનવું છે કે નિલેશની હત્યા કરવામાં આવી છે. તેમણે આ મામલે તટસ્થ અને ન્યાયિક તપાસ કરવાની માંગ કરી છે. બીજી તરફ, પોલીસનું કહેવું છે કે પ્રાથમિક તપાસમાં આ બનાવ બાઈક અકસ્માતનો જણાય છે. માથા અને ખભાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે યુવાનનું મોત થયું હોવાની શક્યતા છે. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે મોકલી આપી અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ મામલે સત્ય શું છે તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ઊંડાણપૂર્વકની પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

# ચૂંટણી પ્રચારનો સુપર સન્ડે, અંજલીબેન પ્રચારના મેદાનમાં, વિજય રૂપાણીને યાદ કરી રડી પડ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજ્યમાં હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે. પ્રચારનો આ અંતિમ સેન્ડ હોવાથી ઉમેદવાદો પ્રચારમાં વ્યસ્ત છે. ઉમેદવાદો પ્રચારના મેદાને ઉતરી પડ્યાં છે. આ દરમિયાન સ્વર્ગસ્થ વિજય રૂપાણીના પત્ની પણ આજે પ્રચારકાર્યમાં વ્યસ્ત જોવા મળ્યાં હતા. રાજકોટના વોર્ડ નંબર ૧૦માં અંજલીબેન રૂપાણી પ્રચંડ પ્રચાર કરી રહયાં છે. વોર્ડ નં.૧૦ રાજકોટનો સૌથી હાઈપ્રોફાઈલ વિસ્તાર છે. વોર્ડ નં.૧૦માં ભાજપે ઘનશ્યામભાઈ હેરભાને ટિકિટ આપી છે. વોર્ડ નં.૧૦ હંમેશા ભાજપનો ગઢ રહ્યો છે. વિજય રૂપાણીના પત્ની અંજલિ બહેન આજે ભાજપે ઘનશ્યામભાઈ હેરભાને જીતાડવા માટે પ્રચાર મેદાને ઉતાર્યા છે. તેમણે ઉમેદવાર ઘનશ્યામભાઈ હેરભાને સાથે મંદિરના દર્શન કર્યા અને વોર્ડ નંબર ૧૦માં ભાજપના ઉમેદવારની જીતના સંકલ્પ સાથે પ્રચાર કરી રહ્યાં છે. જો કે તેઓ આ સમયે સ્વર્ગસ્થ વિજય રૂપાણીને યાદ કરીને ભાવુક થયા હતા અને તેમણે આંસુ ભરેલી આંખે તમને યાદ કર્યા હતા. રંગીલા રાજકોટમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને પ્રચારનું કાર્ય તેજ બન્યું છે. જો કે આ સમયે સ્વર્ગીય વિજયભાઈ રૂપાણ ની ખોટ સંગઠનમાં સૌ કોઈને સાલી રહી છે. તેમનું નેતૃત્વ હંમેશા પાયાનું રહ્યું છે.રાજકોટના રાજકારણમાં સ્વર્ગીય વિજયભાઈ રૂપાણીનું યોગદાન અનન્ય રહ્યું છે. ચૂંટણીમાં ભાજપના કાર્યકરો તેમની ખોટ અનુભવી રહ્યા છે. વિજયભાઈ પાસે વોર્ડ દીઠ જ્ઞાતિગત સમીકરણો ઉકેલવાની અને અગાઉથી સચોટ આયોજન કરવાનું કૌશલ્ય હતું. આજે અંજલી બેન જ્યારે રાજકોટ વોર્ડ નંબર દસમાં પ્રચાર માટે પહોંચ્યાં ત્યારે વિજય રૂપાણીની ચિર વિદાય બાદ રાજ્યમાં આ પહેલી ચૂંટણીનો અવસર હોવાથી તેઓ તેમના અભાવનો અનુભવ કરે તે સ્વાભાવિક છે અને આ સમયે તેઓ જ્યારે પ્રચાર માટે પહોંચ્યા તો તેમની આંખમાં આશુ હતા. તેઓ ભાવુક થઈ ગયા હતા.

ઉલ્લેખનિય છે કે,સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણી પાસે વોર્ડ દીઠ જ્ઞાતિગત સમીકરણો ઉકેલીને તે રીતનું આયોજન કરવાની ક્ષમતા હતી. જેની ખોટ આ ચૂંટણીમાં સંગઠનના લોકો અનુભવી રહ્યાં છે. આજે રાજકોટમાં નારાજ લોહાણા સમાજે ટિકિટમાં ભાજપે અન્યાય કર્યાના આરોપ સાથે મોરચો માડ્યો છે.

છ ટિકિટની માગણી સામે ૩ ટિકિટ મળતા જ સમાજમાં નારાજગી જોવા મળી રહી છે. રાજકોટના જાગનાથ મંદિર પાસે લોહાણા સમાજનું સંમેલન મળ્યું હતું. લોહાણા સમાજના સંમેલનમાં કોંગ્રેસના આગેવાનો પણ જોવા મળ્યા હતા. લોહાણા સમાજે ભાજપના નેતાઓએ કિન્નાખોરી રાખી ટિકિટ કાપી હોવાનો આરોપ છે.

# જૂનાગઢમાં રાજુ સોલંકીની ઓડિયો ક્લિપ વાયરલ થતા ખડભડાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

ગુજરાતભરમાં દલિત સમાજ માટે જાણીતો ચહેરો અને ગુજસિટોક હેઠળનો આરોપી રાજુ સોલંકી એક જૂનો કેસ મામલે ફરી વિવાદમાં આવ્યો છે. મે ૨૦૨૫માં દાતાર વિસ્તારમાં મળેલા એક મૃતદેહ મામલે પોલીસે જે-તે સમયે આત્મહત્યાનો કેસ માની કેસ બંધ કરી દીધો હતો પરંતુ આ મામલે હાલ રાજુ સોલંકીનો એક ઓડિયો ક્લિપ વાયરલ થતા એક વર્ષ જુનો તે ચકચારી કેસ મામલે નવો વળાંક સામે આવ્યો છે અને તે કેસ આત્મ હત્યાનો નહીં પણ હત્યાનો, સાથે તે હત્યા પોતે રાજુ સોલંકીના ઈશારે થઈ હોવાની વાતો સમગ્ર પંથકમાં વહેતી થઈ છે, ત્યારે શું છે આખો મામલો ચાલો વિગતે જાણીએ. આખી ઘટનાની વિગતે વાત કરીએ તો, બનાવની શરૂઆત ગત ૧૪ મે ૨૦૨૫ના દિવસથી થઈ હતી. ૧૪ મે ૨૦૨૫ના રોજ જુનાગઢના સોનારડી ગામ નજીકથી દાતાર વિસ્તારમાં રહેતા સલીમ શેખનો મૃતદેહ મળ્યો હતો. તે સમયે આ કેસને આત્મહત્યા તરીકે નોંધવામાં આવ્યો હતો. પરંતુ હવે આ મામલે એક ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે અને જુનાગઢમાં દલિત સમાજનો ચર્ચિત રહેલો એવા રાજુ સોલંકી પોતે આ હત્યાની કબૂલાત કરી રહ્યા હોવાના તથ્યો હાલ વહેતા થયા છે. ઓડિયો ક્લિપમાં ઉલ્લેખ મુજબ, રાજુ સોલંકીની દીકરીને મૃતક સલીમ શેખના પુત્ર દ્વારા ભગાડવામાં આવી હતી. જેના કારણે મનદુઃખમાં સોનારડી નજીક છોકરાના પિતાને લટકાવી દેવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઘટનાના સમયે પણ કેટલાક શંકાસ્પદ મુદ્દાઓ સામે આવ્યા હતા.

# ઈઝરાયેલના એક નિર્ણય પર ભડક્યા સાઉદી-કતાર સહિત ૧૬ મુસ્લિમ દેશઃ ગણાવ્યું સાર્વભૌમત્વનું ઉલ્લંઘન

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરૂસાલેમ

કતાર, સાઉદી અરેબિયા, ઈજિપ્ત અને તુર્કી સહિત ૧૬ આરબ અને ઈસ્લામિક દેશોના વિદેશ મંત્રીઓએ શનિવાર ૧૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ દોહામાં એક સંયુક્ત નિવેદન જાહેર કરીને સોમાલીલેન્ડમાં ઈઝરાયેલ દ્વારા રાજદ્વારી પ્રતિનિધિની નિમણૂકની સખત નિંદા કરી છે. આ દેશોએ જણાવ્યું છે કે ઈઝરાયેલનો આ નિર્ણય સોમાલિયા સંઘીય પ્રજાસત્તાકની સાર્વભૌમત્વ, એકતા અને પ્રાદેશિક અખંડિતતાનું સીધું ઉલ્લંઘન છે.

ઈસ્લામિક દેશોએ તેમના નિવેદનમાં કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના સિદ્ધાંતો વિરુદ્ધ લેવાયેલું આ પગલું એક ખતરનાક દાખલો બેસાડી શકે છે. મંત્રીઓએ પુનરોચ્ચાર કર્યો હતો કે માત્ર સોમાલિયાની કાયદેસરની રાજ્ય સંસ્થાઓ જ ત્યાંની જનતાની ઈચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે.

આ વિરોધમાં કતાર, કુવૈત, સાઉદી અરેબિયા, ઈજિપ્ત, સોમાલિયા, સુદાન, લિબિયા, બાંગ્લાદેશ, અલ્જીરિયા, પેલેસ્ટાઈન, તુર્કી, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, મોરિટાનિયા, જોર્ડન અને ઓમાનના વિદેશ મંત્રીઓ સામેલ હતા. તેમણે એવા કોઈપણ એકપક્ષીય પગલાને ફગાવી દીધું છે જે રાજ્યોની એકતાને નબળી પાડે છે. સંયુક્ત નિવેદનમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ઈઝરાયેલનો આ નિર્ણય આફ્રિકન યુનિયનના બંધારણીય અધિનિયમનું ઉલ્લંઘન કરે છે.

દેશોએ ચેતવણી આપી છે કે આવી કાર્યવાહીથી 'હોર્ન ઓફ આફ્રિકા' ક્ષેત્રમાં અસ્થિરતા પેદા થઈ શકે છે, જેની પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા પર નકારાત્મક અસર પડશે. ૧૬ દેશોએ સોમાલિયાની એકતા પ્રત્યે પોતાનું અતૂટ સમર્થન ફરી વ્યક્ત કર્યું છે.

સોમાલીલેન્ડને લઈને ઈઝરાયેલના આ પગલાથી રાજદ્વારી ગલિયારાઓમાં કડવાશ ઊભી થઈ છે. કતારના વિદેશ મંત્રાલય દ્વારા શેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, સોમાલીલેન્ડને 'તથાકથિત' વિસ્તાર ગણાવીને ઈઝરાયેલી દૂતની નિમણૂકને ગેરકાયદેસર માનવામાં આવી છે. મુસ્લિમ દેશોનો તર્ક છે કે આ એકપક્ષીય કાર્યવાહી સોમાલિયાની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ છે અને વૈશ્વિક મંચ પર તેને સ્વીકારવામાં આવશે નહીં.

વિદેશ મંત્રીઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી છે કે તેઓ સોમાલિયાની સાર્વભૌમત્વનું સન્માન કરે.

તેમણે કહ્યું કે ઈઝરાયેલની આ પહેલથી આ પ્રદેશમાં ચાલી રહેલા શાંતિના પ્રયાસોને મોટો ફટકો પડી શકે છે.

આ ૧૬ દેશોએ એકજુટ થઈને કહ્યું કે તેઓ સોમાલિયાની અખંડિતતા બચાવવા માટે તમામ શક્ય રાજદ્વારી પ્રયાસો ચાલુ રાખશે અને આવા કોઈપણ દૂતને માન્યતા આપવામાં આવશે નહીં.

### Aadhaar App પર સરકારનો મોટો નિર્ણય

# સ્માર્ટફોન કંપનીઓના વિરોધ બાદ પ્લાન પડતો મૂકાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળ (UIDAI) એ આ વર્ષની શરૂઆતમાં આઈટી મંત્રાલયને વિનંતી કરી હતી કે, તેઓ Apple, Google અને Samsung જેવી કંપનીઓ સાથે વાતચીત કરે. UIDAI નો ઉદ્દેશ્ય હતો કે, તમામ નવા સ્માર્ટફોનમાં આધાર એપ પહેલેથી જ ઈન્સ્ટોલ કરેલી હોય.

આનાથી સામાન્ય લોકો માટે બેંકિંગ અને ટેલિકોમ વેરિફિકેશન જેવી સેવાઓ સરળ બને. ડિજિટલ ઓળખની પહોંચ દરેક ભારતીય સુધી વધારી શકાય. અહેવાલ મુજબ, આઈટી મંત્રાલયે આ પ્રસ્તાવ પર સ્માર્ટફોન મેન્યુફેક્ચરર્સ સાથે ગહન ચર્ચા કરી હતી. જોકે, એપલ અને સેમસંગ જેવી મોટી કંપનીઓએ આ મામલે કેટલીક ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી હતી.

કંપનીઓનું માનવું છે કે ફરજિયાત એપથી યુઝરની પ્રાઈવસી પર અસર પડી શકે છે. સિક્યોરિટી રિસ્ક પણ છે. ડિવાઈસની સુરક્ષા અને સોફ્ટવેર કમ્પેબિલિટીને લઈને પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.

ઉત્પાદન ખર્ચ વધવાની આશંકા, પ્રી-લોડેડ એપ્સને કારણે પ્રોડક્શન કોસ્ટ વધી શકે તેવી પણ દલીલ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, છેલ્લા બે વર્ષમાં આ છઠ્ઠી વખત એવું બન્યું છે જ્યારે સરકારે સ્માર્ટફોનમાં સરકારી એપ્સ ફરજિયાત બનાવવાનો પ્રયાસ કર્યો હોય અને કંપનીઓના વિરોધ બાદ પીછેહઠ કરવી પડી હોય.

અગાઉ સંચાર સાથી એપને લઈને પણ આવો જ વિવાદ સર્જાયો હતો, જેમાં સરકારે અંતે પોતાનો નિર્ણય બદલવો પડ્યો હતો.

આધાર એ ફિંગરપ્રિન્ટ અને આઈરિસ સ્કેન સાથે જોડાયેલી ૧૨-અંકની ડિજિટલ ઓળખ છે. હાલમાં ભારતમાં ૧.૩૪ અબજથી વધુ લોકો બેંકિંગ, ટેલિકોમ વેરિફિકેશન અને એરપોર્ટ એન્ટ્રી જેવી સુવિધાઓ માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે.

### મહારાષ્ટ્રના CM દેવેન્દ્ર ફડણવીસના પત્નીએ કહ્યું

# એક્સિસ બેંકમાં પણ નાસિક ટીસીએસ જેવું જ થયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મહારાષ્ટ્રમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) ના નાસિક યુનિટમાં જાતીય સતામણી અને ધર્મ પરિવર્તનના આરોપો અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના પત્ની અમૃતા ફડણવીસે, એવો ચોંકાવનારો દાવો કર્યો કે, એક્સિસ બેંકમાં તેમના કાર્યકાળ દરમિયાન આવી જ ઘટનાઓ બની હતી.

અમૃતા ફડણવીસ અગાઉ એક્સિસ બેંકમાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે, ટીસીએસ નાસિકમાં કથિત 'કોર્પોરેટ જેહાદ' વિશે વાંચીને તેમને ખૂબ જ દુઃખ અને વેદના થઈ છે, તેમણે એ વાત ઉપર ભાર મૂક્યો કે ઉત્પીડનના આવા કિસ્સાઓ ગંભીર બાબત છે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થવી જ જોઈએ. અમૃતા ફડણવીસે ટિપ્પણી કરી હતી કે, "ખાસ કરીને મહિલાઓ અંગે વધુ સતર્ક રહેવાની જરૂર છે. જ્યારે હું એક્સિસ બેંકમાં હતી, ત્યારે મને ટીસીએસની ઘટના જેવી જ એક ફરિયાદ મળી હતી. જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે પુરુષ કર્મચારીઓ તેમની મહિલા સાથીદારોને હેરાન કરી રહ્યા છે. આ પુરુષ કર્મચારીઓ તેમના હોદ્દા અને સત્તાનો દુરુપયોગ કરી રહ્યા હતા. જોકે, ફરિયાદ મળતાં જ વરિષ્ઠ અધિકારીઓએ તાત્કાલિક પગલાં લીધાં હતા." તેમણે વધુમાં ઉમેર્યું કે જો અન્ય સંસ્થાઓમાં પણ આવી ઘટનાઓ બનતી હોય, તો ફરિયાદો તાત્કાલિક નોંધાવવી જોઈએ. આવી ઘટનાને હળવાશથી લઈને દબાવવાને બદલે તેની સામે કડક કાર્યવાહીની માંગણીઓ ઉઠાવવી જોઈએ. અમૃતા ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મૌન એ ઉકેલ નથી. અવાજ ઉઠાવવો એ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

અમૃતા ફડણવીસે કહ્યું, "આપણી મહિલાઓએ તેમની આસપાસ બનતી ઘટનાઓ પ્રત્યે સાવધ અને સતર્ક રહેવું જોઈએ. બળજબરીથી ધર્માંતરણ અને 'લવ જેહાદ' ગંભીર મુદ્દાઓ છે. જો આપણે ખરેખર આપણી સંસ્કૃતિ અને પરંપરાઓનું ધ્યાન રાખીએ, તો આવી ઘટનાઓ શરૂઆતમાં જ ન બને." અમૃતા ફડણવીસે વધુમાં એમ પણ ઉમેર્યું, "આજના યુવાનો થોડા મૂંઝવણમાં છે. તેમને આપણી સમૃદ્ધ પરંપરાઓ, વેદ અને પુરાણો વિશે જ્ઞાનનો અભાવ છે. આપણે આપણી સંસ્કૃતિ પર ગર્વ લેવો જોઈએ. હવે સમય આવી ગયો છે કે આપણે ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિમાં મૂળ ધરાવતું શિક્ષણ આપીએ. જે યુવાનોમાં સાંસ્કૃતિક ચેતના જાગૃત કરે.

### આરોપીને સાંભળ્યા વગર આદેશ ઈશ્યૂ ના કરી શકાય

# હાઈકોર્ટે રાહુલ સામે ફરિયાદનો આદેશ આપ્યાના બીજા જ દિવસે સ્ટે મુક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અલ્લાહાબાદ

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પાસે ભારત ઉપરાંત બ્રિટનની પણ નાગરિકતા હોવાનો આરોપ લગાવતી એક અરજી અલ્લાહાબાદ હાઈકોર્ટમાં થઈ હતી, પરિણામે હાઈકોર્ટે રાહુલ ગાંધી સામે ફરિયાદ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. હવે હાઈકોર્ટે પોતાના જ આ આદેશ પર હાલ સ્ટે મુકી દીધો છે અને સ્પષ્ટતા કરી છે કે આરોપીને સાંભળ્યા વગર કોઈ નિર્ણય ના લઈ શકાય. કર્ણાટકના ભાજપના એક કાર્યકર્તા વિગ્નેશ શિશિરની અપીલ પર એક દિવસ પહેલા જ હાઈકોર્ટના ન્યાયાધીશ સુભાષ વિદ્યાર્થીએ ઉત્તર પ્રદેશ પોલીસને રાહુલ ગાંધીની સામે ફરિયાદ દાખલ કરવા આદેશ આપ્યો હતો. એટલુ જ નહીં ઉત્તર પ્રદેશ સરકારને આ મામલે સીબીઆઈ તપાસ કરી શકે માટે કેન્દ્રને તપાસ સોંપવાની છૂટ પણ આપી હતી.

ફરિયાદીનો દાવો છે કે રાહુલ ગાંધી બ્રિટનમાં એક કંપની સાથે જોડાયા ત્યારે પોતાને બ્રિટિશ નાગરિક જાહેર કર્યા હતા. તેથી તેની ભારતીય નાગરિકતા રદ કરવામાં આવે અને તેની સામે વિદેશી, પાસપોર્ટ વગેરેના કાયદાઓ હેઠળ ફરિયાદ કરવામાં આવે. જોકે હવે હાઈકોર્ટે ફરિયાદનો આદેશ તો આપ્યો પણ અંતે તેને અપલોડ નથી કરાયો અને તેને હાલ સ્ટે પર રાખવામાં આવ્યો છે. સાથે એવી સ્પષ્ટતા કરી છે કે રાહુલ ગાંધીની સામે હાલ કોઈ ફરિયાદ દાખલ નહીં થાય, ફરિયાદનો જે આદેશ જારી થયો તે રાહુલ ગાંધીને નોટિસ મોકલતા પહેલા ઈશ્યૂ ના કરી શકાય. હવે રાહુલ ગાંધીને હાઈકોર્ટ સાંભળશે પછી આગળનો નિર્ણય લેશે. આ મામલે હવે ૨૦મી એપ્રીલે વધુ સુનાવણી કરવામાં આવશે. બીજી તરફ રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરીષ્ઠ નેતા અશોક ગેહલોતે ફરિયાદ દાખલ કરવાના અગાઉના હાઈકોર્ટના આદેશ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ જ પ્રકારની માગ કરતી અરજીને અલ્લાહાબાદ હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટ ફગાવી ચુકી છે. પાયા વિહોણા આરોપોની તપાસ માટે ફરિયાદનો આદેશ આપવો આશ્ચર્યજનક છે.

# પાવાગઢથી પરત ફરતા પરિવારને નડ્યો અકસ્માતઃ ત્રણ બાળકોના મોત, ૯ લોકોને ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)પાવાગઢ

યાત્રાધામ પાવાગઢ ખાતે માતાજીના દર્શન કરી મધ્યપ્રદેશ પરત ફરી રહેલા એક શ્રદ્ધાળુ પરિવારને દાહોદના ભીટોડી હાઈવે પર ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. માર્ગ પર ઉભેલા એક કન્ટેનરની પાછળ એક ફોર વ્હીલ કાર ધડાકાભેર અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

આ ભયાનક ટક્કરમાં કારમાં સવાર ૩ માસૂમ બાળકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા, જેને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ અકસ્માતમાં અન્ય ૯ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ખાનગી હોસ્પિટલ લઈ જવાયા છે.

જ્યારે અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણ બાળકોના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયા છે.

અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ૨૦ એપ્રિલના રોજ કેટલીક ટ્રેનો સાબરમતી સ્ટેશન પર રોકાશે નહીં

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્ય સંદર્ભે એન્જિનિયરિંગ કામ માટે ૨૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનોનું સાબરમતી (જેલ સાઈડ) સ્ટેશન પર સ્ટોપેજ સ્થગિત કરવામાં આવ્યું છે. વિગત નીચે મુજબ છેઃ-

૨૦ એપ્રિલના રોજ સાબરમતી સ્ટેશન (જેલ બાજુ) પર નહીં રોકાતી ટ્રેનોઃ

ટ્રેન નં. ૧૯૦૧૬ પોરબંદર–દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ

ટ્રેન નં. ૨૨૯૨૬ ઓખા–અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ

ટ્રેન નં. ૨૨૯૬૦ જામનગર–વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ

ટ્રેન નં. ૬૯૧૮૬ વિરમગામ–અમદાવાદ મેમુ

મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી છે. વિગતવાર ટ્રેન માહિતી માટે, મુસાફરો https://enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

**પશ્ચિમ રેલ્વે**

**લોઅર પારેલ વર્કશોપ સ્ટોરનું આધુનિકીકરણ અને સુધારણા**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઇ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/24 તા. 16/04/2026 ને આમંત્રણ આપે છે. કામ અને સ્થાન: લોઅર પરેલ - લોઅર પરેલ વર્કશોપ સ્ટોરનું આધુનિકીકરણ અને સુધારણા (સંયુક્ત ટેન્ડર). કામની અંદાજિત કિંમત: ₹ 3,49,79,544.79/-. EMD: ₹ 6,99,600/-. સબમિશનની તારીખ અને સમય: તા. 15.05.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 15.05.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0010

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# શહેરના જાણીતા બિલ્ડરોના લાંબાગાળા થી બંધ પડેલા પ્રોજેકટોમાં ધરમ-વીરૂ જેવી પ્રોપ્ટી-બ્રોકરોની જુગલ જોડી રોકાણકારો અને જરૂરિયાત મંદોનો ગેરલાભ લઈ ધાક-ધમકીનું વાતાવરણ સર્જી રહી છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

શહેર અને એની આજુબાજુના વિસ્તારોમાં ઊભા થતાં અને થઈ ગયેલા પ્રોજેકટોમાં ધરમ-વીરૂ ની જુગલ જોડી એવી પ્રોપ્ટી-બ્રોકરોની જુગલ જોડી જેવી રીતે ધરમ-વીરૂ બુલેટ ગાડી ઉપર એમની મિત્રતાનો અહેસાસ કરાવતા હતા એવા જ અહેસાસ કરાવતી આ પ્રોપર્ટી-બ્રોકરોની જુગલ જોડી માર્કેટોના પ્રોજેકટો જે સારોલી થી લઈને ગોડાદરા, રિંગરોડ ઉપરની માર્કેટો જે બિલ્ડરો ધ્વારા બનાવવામાં આવતા પ્રોજેકટો ઘણા લાંબા સમયથી કામો પૂર્ણ થયા નથી અને ઘણી બધી માર્કેટો જે ઘણા લાંબા સમયથી ખંડેર હાલતમાં છે. એ પૂરા થવાના પણ નથી. એવા પ્રોજેકટોમાં બ્રોકરોના માધ્યમ થી બુકિંગના સમયે જરૂરિયાત મંદોને દુકાન કે ગોડાઉન માટે ૩૦%-૪૦% પેમેન્ટ આપી બુક કરાવેલા એ માર્કેટો ઘણા લાંબા સમય સુધી એ બિલ્ડરો ને ત્યાં જરૂરિયાત મંદો અને બ્રોકરોના માધ્યમથી રોકાણ કરનારા જ્યારે ૧૦ વર્ષ થી ૧૨ વર્ષ ઉપરાંતનો સમય થયો હોય એવા પ્રોજેકટોમાં લોકોને લાંબા સમયથી પજેશન મળ્યા નથી. એવી ઘણી માર્કેટો જે અધૂરી બંધાઈને ખંડેર હાલતમાં છે.

આવી ખંડેર માર્કેટોમાં જરૂરિયાત મંદ ૩૦%-૪૦% રોકાણ કરનારા અવાર-નવાર જઈને પૈસાની ઉઘરાણી માટે બિલ્ડરોને કહેતા હોય છે. એ દરમ્યાન ધરમ-વીરૂ જેવી પ્રોપ્ટી-બ્રોકરો ની જુગલ જોડી પોતાની બુલેટ ગાડી ધ્વારા આવા સ્થળો ઉપર જઈને કઈ કઈ પાર્ટીએ પૈસાનું રોકાણ અને એના પૈસા કેટલા સમયથી રોકાયેલા છે? એની ઈક્વાયરી કરતાં હોય છે. અને નાણાં ફસાયેલાઓની મુલાકાત કરી સહાનુભૂતિ બતાવી એમને વિશ્વાસમાં લઈ એમની પાસેથી સમગ્ર માહિતી મેળવી લેતા હોય છે. તમારી પાસે શું પુરાવા છે? ડાયરી, સોદા ચિઠ્ઠી જેવા પુરાવા હોય તો અને પ્રોપર્ટી બ્રોકરોનું કહેવાતું એસોસિએશન ના અમે સભ્યો છીએ. એટલે અમે તમારા ફસાયેલા નાણાં બીલ્ડરો પાસેથી અમે તમને કઢાવી આપીશું. એવી હૈયા ધરપત આપી વિશ્વાસમાં લે છે. અને એકબીજાના મોબાઈલ નંબર મેળવીને અન્ય વેપાર ધંધા અંગેનું એડ્રેસ લઈ એમની સાથે સંપર્કમાં રહે છે. બિલ્ડરો સાથે મુલાકાતની વાત કરી પોતાના ૧૦% - ૧૫% ની વસૂલી લઈશુ અને ગમે તેવા બિલ્ડરો પાસેથી અમે તમારા નીકળતા નાણાં અમે વસૂલી કરાવી આપીશું. એટલે આ જુગલ જોડી ઉપર રોકાણકારો અને જરૂરિયાત મંદો એમની વાતોમાં આવીને વિશ્વાસ મૂકી સોદા ચિઠ્ઠી અને ડાયરીઓની ઝેરોક્ષ આપી દે છે. અને સમાજ અને જાતિના નજીકના સંબંધો કાઢી એમની પાસેથી લઈ લે છે. ઘણી વખત અસલ સોદા ચિઠ્ઠી અને ડાયરી પણ જરીરિયાત મંદો અને રોકાણકારો આપી દેતા હોય છે.

ત્યારબાદ બિલ્ડરો સાથે મુલાકાત કરીને એમને અમે બ્રોકર એસોસિએશનના સભ્યો છીએ એ રીતે ઓળખાણ આપી રોકાણ કરનારાના નાણાં અંગે વાત કરીને જણાવે છે કે એમના એટલે કે રોકાણકારો અને જરિયાતમંદો ના નીકળતા નાણાં નહીં આપો તો તમારા પ્રોજેકટો સામે અસંખ્ય એકત્ર થઈ હલ્લાબોલ અને ધરણાં કરીશું. એનાથી ગભરાયેલા બિલ્ડર પોતાની ઈજ્જત બચાવવા માટે પ્રોપર્ટી-બ્રોકરોની જુગલ જોડી પાસે સમયની માંગણી કરે છે. અને ત્રણ થી છ માસના સમય ગાળામાં રોકાણકારો અને જરીરિયાતમંદોને અમે ચૂકવી દઈશું એ બાબતે બિલ્ડરો સાથે થયેલા સમાધાન અંગેનું લખાણ સાદા કાગળ ઉપર બિલ્ડરો પાસે ચુકવણી અંગે ધરમ-વીર ની આ પ્રોપર્ટી-બ્રોકરોની જુગલ જોડી ધ્વારા લખાવી લેવાય છે.

આ પ્રોપર્ટી-બ્રોકરોની જુગલ જોડીનો અતિશય ત્રાસ વધતાં એક નામચીન પ્રોજેકટના બિલ્ડરે આ બંને જુગલ જોડીની વિરુધ્ધમાં પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરાવેલી એને કારણે એમને જેલના સળિયા ગણવા પડેલા. ત્યારબાદ કોર્ટ ધ્વારા આ બંને જુગલ જોડીને જામીન મળેલા. અને અગાઉ અન્ય બ્રોકરોની એકબીજાની સાથે થયેલી ઓળખાણ અને એમાં આ જુગલ જોડીને એક પ્રતિષ્ઠિત બ્રોકરની ઓળખાણ થયેલી એના થકી આ જુગલ જોડીએ કોઈ પ્રોજેકટમાં નાનો મોટો ધંધો કરેલો હતો. પરંતુ બ્રોકરો એકબીજાના પ્રોજેકટોમાં ૦.૫% થી ૧% દલાલી લેતા હોય છે. પરંતુ આ જુગલ જોડી સામેવાળા પ્રતિષ્ઠિત બ્રોકર હોવાથી ઉઘરાણી કરતાં નથી પછી એકાએક એમની ઉઘરાણી ચાલુ થાય છે. પછી સામેવાળા પ્રતિષ્ઠિત બ્રોકર હોય કે રોકાણકાર કે જરૂરિયાત મંદ હોય એની પાસે ૦.૫% થી ૧% ની જગ્યાએ ૨% થી ૩% ની ઉઘરાણી કરાતી હોય છે અને આટલા ટકા દલાલી આપવી જ પડશે એવી છેલ્લી પાયરીની વાત કરી દાદાગીરી અને ધાક-ધમકી ઉપર ઉતરીને ધરમ-વીરૂ નો રોલ ભજવતા હોય એમ જોર જોરથી બૂમ-બરાડા પાડી ગાળ-ગલોચ ઉપર ઉતરી આવી સામેવાળા પ્રતિષ્ઠિત બ્રોકર ને અન્ય પ્રોજેકટના સ્થળ ઉપર બોલાવી જુગલ જોડી વીરૂ નો રોલ અદા કરી પ્રતિષ્ઠિત બ્રોકરની સાથે લાફાવાળી કરે છે. આ ધરમ-વીરૂની જુગલ જોડીની ધરમવીર ની દીકરીને થોડા સમય અગાઉ બાર કાઉન્સિલમાંથી એડવોકેટની સનદ મળી છે. એના કારણે આ જુગલ જોડી પોતાની દીકરી એડવોકેટ હોવાના નાતે પણ બુમ-બરાડા પાડી સામેવાળાને ખોટા કેસમાં ફસાવી ને કે પછી હું સુસાઈડ કરીશ, મને કિડની અને લીવરની ગંભીર બીમારી છે. એમ કહીને મને પૈસા નહીં આપો તો તમે હેરાન-પરેશાન થઈ જશો. માટે મને પૈસા આપી દો. આથી પ્રતિષ્ઠિત બ્રોકર સ્તબ્ધ બની ને ધરમ-વીરૂ એ મનમાની કરીને નક્કી કરેલી ટકાવારી આપવા પ્રતિષ્ઠિત બ્રોકર સમય માંગીને કહે છે કે તમે મારા મિત્રની ઓફિસે આવીને તમારી રકમ લઈ જજો. જુગલ જોડી ને પ્રતિષ્ઠિત બ્રોકરે પોતાના મિત્રની ઓફિસ બોલાવીને પોતાના મનમાનીના નાણાં સાદા કાગળ ઉપર એકબીજાનું લખાણ કરી ૦૧ લાખ ૯૧ હજારની નાની-મોટી પ્રોપર્ટીની દલાલી અંગેનું લખાણ લઈને પ્રતિષ્ઠિત બ્રોકર મિત્રના મારફતે મિત્રની ઓફિસે જુગલ જોડીને ચૂકવી આપે છે. પરંતુ આ જુગલ જોડીને ખ્યાલ નથી હોતો કે જ્યાં આ સમાધાન કરીને પૈસાની લેતી દેતી કરી હોય છે. એ મિત્રની ઓફિસે લાગેલા CCTV કેમેરાના ફૂટેજ માં બંને જુગલ જોડી પ્રતિષ્ઠિત બ્રોકરના મિત્રએ લેતી-દેતી ના પુરાવા રૂપે ફૂટેજ કાઢેલા છે. આ જુગલ જોડીની માનસિકતા ને ઓળખીને પ્રતિષ્ઠિત બ્રોકરના મિત્રએ અગમચેતી રૂપે પુરાવા રાખ્યા છે.

૧૦ થી ૧૨ વર્ષ ઉપરાંત જે પ્રોજેકટોમાં પજેશન નથી મળ્યા એ પ્રોજેકટના બિલ્ડરો આ જુગલ જોડીને પ્રોત્સાહન આપે છે. કારણકે જે જરૂરિયાત મંદો અને રોકાણકારોએ અન્ય બ્રોકરોના માધ્યમથી જે ૩૦% થી ૪૦% રોકાણ કરેલા હોય છે એમને જે દુકાનો કે ગોડાઉનો ના પજેશનો મળ્યા નથી અને લાંબો સમય વિતવાથી જે બ્રોકરના માધ્યમથી રોકાણ કરેલું હોય એ બ્રોકરોનો સંપર્ક રોકાણકારો કરે છે. અને એ બ્રોકરો એમની મુલાકાત બિલ્ડરો સાથે કરાવે છે. પરંતુ બિલ્ડરો અને બ્રોકરો એક જ માળા ના મણકા હોવાથી જરૂરિયાત મંદો અને રોકાણકારો નાણાંની ઉઘરાણી કરતાં બિલ્ડરો એમને ખુલ્લેઆમ કહે છે કે તમારી ભરેલી રકમના ૩૦% થી ૪૦% મળશે યા પછી અન્ય પ્રોજેકટોમાં એમના મિત્ર વર્તુળોના હોય કે પોતાના અન્ય પ્રોજેકટોમાં દુકાનો, ગોડાઉનો, ફલેટો લેવાની વાત કરે છે. જ્યારે એ જગ્યાએ માર્કેટ રેટથી ઘણા રેટ ઊંચા અને ધંધાકીય સ્થળના હોવાથી રોકાણકારો અને જરૂરિયાતમંદો ને મજબૂર થઈ જવું પડે છે. અને જે રકમ જે જગ્યા માટે ભરેલી હોય એ જગ્યા ન મળતા પૈસા પરત જોઈએ . અને ભરેલી રકમના ૩૦% થી ૪૦% મળશે. અને એની કોઈ સમય મર્યાદા આપતા હોતા નથી. અમારી પાસે સગવડ થશે એમ તમને આપીશું. એવી બિલ્ડરો ચોખ્ખી દાદાગીરી અને નાગાઈ થી વાત કરે છે. કારણકે સોદા ચિઠ્ઠી કે ડાયરીના લખાણની ઉપર કોઈ કાર્યવાહી થવાની નથી. એવું બિલ્ડરો સારી રીતે જાણતા હોવાથી અને સ્થાનિક પોલીસથી લઈ ને પોલીસ ના ઉચ્ચ અધિકારીઓ સાથેના બિલ્ડરોના સારા સંબંધો હોવાને કારણે બિલ્ડરો ગભરાતા નથી. રોકાણકારો , જરૂરિયાતમંદો ને એ જ બ્રોકરો ધ્વારા કહેવડાવે છે કે જે અમે આપીએ એ તમારે લેવું પડશે. અને વારંવાર અમારા પ્રોજેકટ ઉપર તમારે આવવું નહીં એવું ખુલ્લે આમ ધમકી રૂપે કહેવાય છે અને નાણાં લેવા ગયા હોય ત્યારે બિલ્ડરો જુગલ જોડી ને કોર્ડવર્ડ થી અથવા મોબાઈલના માધ્યમથી બોલાવીને રોકાણકારો અને જરૂરિયાતમંદો ને ધાક-ધમકી આપી ને જોઈ લેવાની વાત કરાય છે. બિલ્ડરો જે આપે તે લઈ લો એવી ખુલ્લી વાત જુગલ જોડી ધ્વારા ધમકીરૂપે કહેવામા આવે છે. આવા લાંબા સમયના પ્રોજેકટો પૂરા ના થયા હોય કારણકે પ્લાન વિરુધ્ધ બાંધેલું, વધારાની દુકાનો, શો રૂમો, ગોડાઉનો નો લાભ મેળવવા માટે બિલ્ડરોના વિપુલ ગણેશવાલા જેવા લાંચિયા અને ભ્રષ્ટ આધિકારીઓના આશીર્વાદ મળતા હોવાથી એમનો ભરપૂર લાભ બિલ્ડરો લેતા હોય છે. પરંતુ બિલ્ડરોને એ ખ્યાલ નથી હોતો કે એમણે જે ડાયરી અને અને સોદા ચિઠ્ઠીમાં સહી કરીને જે રકમ લીધી હોય છે એની FSL અને સિગ્નેચર એક્સપર્ટ ધ્વારા સાબિત થઈને ગુન્હો નોંધાઈ શકે છે. અને બિલ્ડરોને જેલની હવા પણ ખાવી પડતી હોય છે એ ન ભૂલવું જોઈએ. કારણકે કાયદા કાનૂન થી કોઈ બચી શકતું નથી.

ખાસ નોંધ:

વધુ માટે વાંચતા રહો

ધરમ-વીરૂ ની આ પ્રોપર્ટી-બ્રોકરોની જુગલ-જોડી ના નામો, બિલ્ડરોના નામો અને પ્રોજેકટોના નામો અને અન્ય બ્રોકારોના નામો અંગે દૈનિક ગરવી ગુજરાત.

# મૂંગા જાનવરોને પણ લાગણી હોય છે એનો આ બોલતો પુરાવો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત



આપણામાં કહેવાય છે કે ''નેકી કર દરીયા મે ડાલ'' અર્થાત કોઈ પણ પશુ, પક્ષી કે ગરીબ ગુરબા માનવીને તમે મદદ કરો અને એનું કોઈ અભિમાન કે વળતર ની કોઈ અપેક્ષા ના રાખો તો એ જ સાચું દાન કહેવાય છે. અર્થાત એ નિઃસ્વાર્થ સેવા કહેવાય અને એ નિઃ સ્વાર્થ સેવાથી કરેલા કર્મ ના કારણે ભલભલા પાષાણ (પથ્થર દિલ) હદયના માનવી ને પણ નમ્ર બનાવી તમારી સાથે એક આત્મીતા નો નાતો બાંધવા એ મજબૂર બને છે. પછી ભલે એ ખૂંખાર જંગલી જાનવર પણ કેમ ના હોય? અહીં એક એવા જ કિસ્સાનિ વાત છે જ્યાં રોજ વાંદરાને ખાવાનું ખવડાવતી એક મહિલાનું મૃત્યુ થતાં મૃત્યુ પર વાંદરાનો વિલાપ જોઈને ભલભલાની આંખો ભીની થઈ ગઈ હતી. કર્ણાટક રામનગર જિલ્લાના રાયરા ડોટ્ટી ગામમાં એક એવી ઘટના બની કે જે જોઈને ગામલોકોની આંખો ભીની થઈ ગઈ. ૮૫ વર્ષના પાર્વતમ્મા ઉંમરને કારણે આવતી ટૂંકી માંદગીમાં મૃત્યુ પામ્યા. પાર્વતમ્મા એ પોતાની જિંદગીનો એક મોટો હિસ્સો વાંદરાઓને સમર્પિત કર્યો હતો. તેઓ રોજ પોતાના ઘર પાસે આવતા વાંદરાઓને પુચકારતા, બોલાવતા, ખવડાવતા અને સ્નેહથી દુલારતા. આસપાસના લોકોને વાંદરાઓ આફત લાગતાં. પણ પાર્વતમ્મા માટે તો જાણે આંગણે આવતા વાનરો તેમના પોતાના હતા.

જ્યારે તેમની અંતિમવિધિ માટે પાર્વતમ્મા ના પાર્થિવ શરીરને આંગણામાં મૂકવામાં આવ્યું ત્યારે માણસોની ભીડને ચીરીને એક વાંદરો ત્યાં આવ્યો. એણે પાર્થિવ દેહના ચહેરા પર ઢાંકેલું કપડું હટાવ્યું. અને થોડીક ક્ષણો એમ જ મૂક થઈને ત્યાં બેસી રહ્યો. થોડીવાર પછી એણે શબની વધુ નજીક જઈને ચહેરાને પંપાવ્યો. પછી તે પાર્વતમ્માની છાતીને વળગીને આંસુ સારવા લાગ્યો. ક્યાય સુધી વાંદરો આંખ બંધ કરીને તેમની છાતી પર, મોં પર અને કપાળ પર જાણે ચૂમતો હોય એમ વળગી રહ્યો. જાને પોતાના છેલ્લા સહારાના જવાનો માતમ મનાવી રહ્યો હોય.

નજરે જોનારા લોકોનું કહેવું હતું કે આ દ્રશ્ય જોઈને હાજર તમામ લોકો અવાચક થઈ ગયા હતા. એક વાનરની સંવેદનાનોઆ વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો ત્યારે એ જોઈને પણ ભલભલાની આંખો ભીની થઈ જાય એમાં નવાઈ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરતની એક હોસ્પિટલની નર્સે એક વિડીયો શેઅર કર્યો હતો જ્યા એક ઉમ્મર લાયક બીમાર દર્દી જેની પથારી બારી પાસે હતી એની છાતી ઉપર રોજ એક કબૂતર આવીને બેસતું. ૧૫ મિનિટ પછી એ વ્યક્તિ એણે હાથ ફેરવતું પછીએ ઊડી જતું. કારણ આ વ્યક્તિ રોજ કબૂતરોને દાણા નાંખતા હતા.

### ચાર પોલીસકર્મીઓ કરશે ઊંડાણપૂર્વક તપાસ

# ધંધુકામાં ધર્મેશ ગમારા હત્યાકાંડમાં SIT રચાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ધંધુકામાં ધર્મેશ ગમારા હત્યા કેસ મામલે હાલ મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. આ ઘટના બાદ ધંધુકામાં ફાટી નીકળેલી હિંસા બાદ આ કિસ્સો આખા ગુજરાતમાં ચર્ચાનો વિષય બન્યો છે, ત્યારે ઘટનાને ગંભીરતાથી લઈને હાલ આ કેસની તપાસ માટે SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)ની રચના કરી છે. આ SITમાં DYSP, PI અને એક PSI સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો સમાવેશ કરાયો છે, જેઓ આખી ઘટનાની નિષ્પક્ષ તપાસ કરશે અને SITની તપાસ બાદ આખી ઘટનામાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે. વિગતવાર વાત કરીએ તો, ગઈકાલે ૧૮મી એપ્રિલને શનિવારે બપોરના સમયે બાઈક લઈને જઈ નસીબ સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે સમીર નામના યુવકના સાથે બાઈક અથડાતા બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. બાદમાં સાંજના સમયે ધર્મેશ નસીબ સોસાયટી પાસે પહોંચ્યો, ત્યારે સમીર અને તેની સાથે રહેલા પરવેજ સહિતના કેટલાક શખ્સોએ ફરી માથાકૂટ શરૂ કરતા મામલો ફરી વિવાદ ઉગ્ર બન્યો હતો. બંને પક્ષ વચ્ચે ઘર્ષણ વધતાં ધર્મેશ ગમારા પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ધર્મેશ ગમારાને પગના ભાગે છરી વાગતા વધુ લોહી વહી જવાના કારણે તેમનું મોત નિપજ્યું હતું.

બાદમાં આ હત્યાની ઘટના બાદ સમાચાર વાયુવેગે ફેલાતા જ સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને બંને કોમના લોકો સામસામે આવી ગયા હતા અને ઉશ્કેરાયેલા ટોળાએ બજાર વિસ્તારમાં તોડફોડ અને આગચંપી કરી અનેક દુકાનો, વાહનો અને લારી-ગલ્લાને નિશાન બનાવ્યા હતા.

આ હિંસક બનાવોને કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો અને વેપારીઓએ દુકાનો બંધ કરી દીધી હતી. ઘટનાની જાણ થતાં જિલ્લા પોલીસ તાત્કાલિક ખડકી દેવામાં આવી હતી. સાથે જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને હિંસા ફેલાવનાર ૨૦ જેટલા લોકોને પકડીને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જે બાદ હાલ સમગ્ર મામલે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ માટે SITની રચના કરી હોવાનું સામે આવ્યું છે. નોંધનીય છે કે, ધંધુકામાં ધર્મેશ ગમારા હત્યાકેસની પોલીસે હત્યાના આરોપમાં આરોપી સમીર અને પરવેજ બંનેની ગઈકાલે જ ધરપકડ કરી લીધી હતી. જે બાદ હવે સમગ્ર કેસની ઉચ્ચ તપાસ માટે પોલીસે DYSP કક્ષાના અધિકારીની અધ્યક્ષતામાં SITની રચના કરી છે. એક DySP, બે PI અને એક PSI એમ કુલ ચાર લોકોની SITની ટીમ બનાવાઈ છે. જેમાં ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિ, પી. આઈ. રઘુ કરમટીયા, પી. આઈ. કરણ વિહોલ અને પી. એસ. આઈ. એસ. એચ. ઝાલાનો સમાવેશ થાય છે. આ ચારેય પોલીસ કર્મીઓ આખા બનાવની ઊંડાણપૂર્વક તપાસ કરશે અને દર અઠવાડિયે પ્રોગ્રેસ રિપોર્ટ જમા કરાશે. જેથી આગામી સમયમાં આ મામલે શું નવા વળાંકો સામે આવે છે અને પર સૌની નજર ટકેલી છે.

### આ ભલે રાજકીય જુગાડ હોય, પરંતુ મતદારોની હાર છે

# ચૂંટણીમાં ૭૩૧ બેઠકો પર મતદાનનો હક છીનવાશે

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના જંગમાં પહેલીવાર ૭૩૧ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતની ચૂંટણીમાં પહેલીવાર એવું મળ્યું કે, ઘરમાં મતદાર કાર્ડ છે, મતદાર યાદીમાં નામ પણ છે, છતાં મતદારો પોતાના મતનો ઉપયોગ નહિ કરી શકે. દેશમાં લોકશાહી છે, પરંતુ રાજકારણના ખેલને કારણે પહેલીવાર ૭૩૧ બેઠકો પરના નાગરિકો પોતાના મતનો ઉપયોગ નહિ કરી શકે. જેનું મોટું કારણ એ છે કે, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના જંગમાં પહેલીવાર ૭૩૧ બેઠકો બિનહરીફ થઈ છે.

ગુજરાતની ચૂંટણીમાં પહેલીવાર રેકોર્ડબ્રેક ૭૩૧ બેઠકો ગુજરાતમાં બિનહરીફ થઈ ગઈ છે. ભાજપ તેને પોતાની જીત ગણાવી રહ્યું છે. પરંતુ આ મતદારોની હાર છે. લોકશાહીમાં મતદાન કરવાનો હક દરેક નાગરિકને છે. રાજકીયો પક્ષો કાવાદાવા કરીને ચૂંટણી જ રદ કરાવી દે છે. હવે ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બિનહરીફ થયેલી ૭૩૧ બેઠકો પર કોઈ મતદાન નહિ થાય, એટલે નાગરિકોને પણ પોતાની મરજીનો પ્રતિનિધિ કરવાનો મોકો નહિ મળે.

ગુજરાતમાં ચૂંટણીઓ બિનહરીફ કરવાનો નવો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. પરંતુ ગુજરાત સ્થાનિક ચૂંટણીઓમાં ૭૩૧ બેઠકો બિનહરીફ થવું એ પણ લોકશાહીનું હનન છે. કારણ કે, લાખો મતદારો પોતાના મતાધિકારથી વંચિત રહી જશે. રાજકીય પક્ષોના ખેલમાં મતદારોનો શું વાંક ગણી શકાય. ચૂંટણી જ ન થાય, તો ચૂંટણી કેવી હોય છે તેનાથી નવી પેઢી અજાણ રહી જશે. હાલ સત્તાપક્ષ તો પોતાની આ જીતને ગર્વથી વધાવી રહ્યું છે, પરંતુ મતદારોનું કોઈ વિચારતું નથી. હવે જનતામાં પોતાના મતના મૂલ્ય અને 'નોટા' (NOTA) ના અધિકારને લઈને ચિંતા અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

બિનહરીફ વિજયી બનાવા પરન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ચૂંટણી પરિણામો પહેલા જ જનતાએ ભાજપનો ઐતિહાસિક વિજય નક્કી કરી દીધો છે. ગુજરાતમાં ભાજપના કુલ ૭૨૦ ઉમેદવારો અત્યાર સુધીમાં બિનહરીફ વિજેતા જાહેર થયા. વિપક્ષોને ઉમેદવારો મળતા નથી અને સમજુ લોકોએ સામેથી ફોર્મ પરત ખેંચ્યા છે. કોંગ્રેસના શાસનમાં રસ્તાના ઠેકાણા નહોતા, ત્યારે ભાજપે ગામેગામ પાકા રસ્તા બનાવ્યા. ગામડાઓમાં પણ હવે શહેરોની જેમ ૨૪ કલાક વીજળી અને પાયાની સુવિધાઓ મળે છે. લુખ્ખા તત્વો સામે પોલીસ એવી કડક કાર્યવાહી કરશે કે દાદાગીરી ભૂલી જશે.

મહેસાણા મહાનગરપાલિકાની પ્રથમ વખત યોજાઈ રહેલી ઐતિહાસિક ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની મુદત પૂરી થતા જ હવે જંગનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. જિલ્લામાં કુલ ૮૫ બેઠકો બિનહરીફ જાહેર થયા બાદ હવે ૩૮૨ બેઠકો માટે રાજકીય પક્ષો વચ્ચે સીધો મુકાબલો શરૂ થયો છે. જોકે ચૂંટણી પ્રચારમાં નીકળેલા ઉમેદવારોને મતદારોના આકરા સવાલો અને સ્થાનિક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

વડોદરામાં કોંગ્રેસ દ્વારા લોકશાહી બચાવો ધરણાં કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસના AICC સેક્રેટરી રામકિશન ઓઝાએ કહ્યું કે, ભાજપે લોકશાહી પધ્ધતિથી ચૂંટણી યોજાવાના બદલે ધાકધમકીથી ફોર્મ પાછા ખેંચાવ્યા છે. ભાજપનો જો મજબૂત જનાધાર હોય તો કેમ બિનહરીફ કરવા આટલું દબાણ કર્યુ. પોલીસ, પ્રશાસનનો દુરુપયોગ કરી ફોર્મ પાછા ખેંચાવ્યા છે. ભાજપની આ પધ્ધતિના વિરોધમાં અમે ધરણા કરીશું. વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીએ કહ્યું કે, સરકારી મશીનરીનો દુરુપયોગ કરે છે.

ચૂંટણી પહેલા જ ગોંડલ નગર પાલિકામાં ભાજપનો કબજો થયો છે. ગોંડલ નગરપાલિકામાં ચૂંટણી પહેલા જ જયરાજસિંહ જાડેજાએ મોટો ખેલ પાડ્યો હતો. ગોંડલ નગરપાલિકાની ૪૪ માંથી ૨૩ સીટ બિનહરીફ થઈ છે. ૧૨ ઉમેદવારોના ટેકેદારો ખસી ગયા, તો ૧૧ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેચી ભાજપને ટેકો જાહેર કર્યો. આમ, હાલ આમ આદમી પાર્ટીના માત્ર બે ઉમેદવારો જ ગોંડલ નગર પાલિકામાં ચૂંટણી લડી રહ્યા છે.

### CCTV ફૂટેજ બન્યું મહત્વપૂર્ણ પુરાવો

# દિલ્હીથી સુરતમાં હવાલા મારફતે કરોડો રૂપિયા આવ્યાની આશંકા

## છેલ્લા ચાર મહિનામાં એક કરોડ રૂપિયાથી વધુની રકમ આંગડિયા નેટવર્ક મારફતે સુરતમાં પહોંચાડવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી નજીક આવતાં જ રાજકીય ગરમાવો વધ્યો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે એક મોટા હવાલા કાંડનો ભાંડાફોડ કરીને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. પ્રાથમિક તપાસમાં દિલ્હીથી હવાલા મારફતે સુરતમાં કરોડો રૂપિયાની એન્ટ્રી થતી હોવાની ગંભીર આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.તપાસમાં બહાર આવ્યું છે કે, છેલ્લા ચાર મહિનામાં એક કરોડ રૂપિયાથી વધુની રકમ આંગડિયા નેટવર્ક મારફતે સુરતમાં પહોંચાડવામાં આવી હતી. આ નાણાંનો ઉપયોગ શહેરમાં રાજકીય પ્રચાર, કાર્યકરોને સક્રિય કરવા અને ચૂંટણી માટે નેટવર્ક મજબૂત બનાવવા માટે થતો હોવાનો ખુલાસો થયો છે.

ક્રાઈમ બ્રાન્ચે તપાસ દરમિયાન વિવિધ સ્થળોના સીસીટીવી ફૂટેજ એકત્ર કર્યા છે, જે આ સમગ્ર નેટવર્કને સમજવામાં મહત્વપૂર્ણ પુરાવા તરીકે સામે આવ્યા છે. આ ફૂટેજના આધારે પૈસાની અવરજવર અને સંકળાયેલા શખ્સોની ઓળખ કરવામાં આવી રહી છે. આ કેસમાં મહત્વપૂર્ણ કડી માનવામાં આવતા હિમાંશુ પાહુજાની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા લાંબા સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી. જોકે પૂછપરછ બાદ તેને મુક્ત કરવામાં આવ્યો છે, પરંતુ પોલીસ સૂત્રો મુજબ તે હજુ પણ તપાસના ઘેરામાં છે અને તેની ભૂમિકા અંગે વધુ તપાસ ચાલી રહી છે. તપાસમાં પીપલોદ વિસ્તારના બે શખ્સો – આકાશ મિશ્રા અને અજય તિવારી – હિમાંશુના સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ આ બંને વ્યક્તિઓ હવાલા મારફતે નાણાં ટ્રાન્સફર કરવાની પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં દિલ્હી અને સુરત વચ્ચે એક સુયોજિત હવાલા નેટવર્ક કાર્યરત હોવાનું બહાર આવ્યું છે. દર મહિને લાખો રૂપિયાની હવાલા એન્ટ્રી થતી હોવાનો ખુલાસો થયો છે, જે સીધા રાજકીય પ્રવૃત્તિઓમાં વપરાતા હોવાની શંકા છે. આ સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચે ઈક્મટેક્સ વિભાગને પણ માહિતી આપી છે. આવનારા દિવસોમાં આર્થિક વ્યવહારોની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરાશે અને નાણાંનો સ્રોત શોધવાની દિશામાં કાર્યવાહી તેજ કરવામાં આવશે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આ કેસ માત્ર સ્થાનિક સ્તર પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેની કડીઓ મોટા રાજકીય માથાઓ સુધી પહોંચે તેવી શક્યતા છે. ટૂંક સમયમાં અનેક લોકોની પૂછપરછ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર કાંડના ખુલાસા બાદ સુરતની રાજકીય પરિસ્થિતિ વધુ તંગ બનવાની શક્યતા છે. હવે જોવાનું રહ્યું કે આ તપાસ કઈ દિશામાં આગળ વધે છે અને કયા મોટા નામો સામે આવે છે.

# બાવળા-બગોદરા હાઈવે પર ગમખ્વાર અકસ્માત: કેરાળા બ્રિજ પાસે રિક્ષા પલટી ખાતા ચાલકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના બાવળા-બગોદરા હાઈવે પર શનિવારે (૧૮મી એપ્રિલ) વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. કેરાળા બ્રિજ ઉતરી રહેલી એક પેસેન્જર રિક્ષા ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે રિક્ષા ડિવાઈડર કૂદીને સામેના રોડ પર ફંગોળાઈ ગઈ હતી, જેમાં રિક્ષાચાલકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ સાણંદના દદુકા ગામના અને હાલ બાવળા રહેતા ૬૦ વર્ષીય ખેડૂત હિંમતસિંહ ડોડિયા ભાયલા ખાતે મોગલ ધામમાં લોકડાયરો સાંભળીને વહેલી સવારે પરત ફરી રહ્યા હતા. સવારે ૪ વાગ્યાના સુમારે તે એક રિક્ષામાં આગળની સીટ પર બેઠા હતા. રિક્ષામાં પાછળના ભાગે મહિલાઓ સહિત અન્ય ૬ પેસેન્જરો પણ સવાર હતા. રિક્ષા જ્યારે કેરાળા બ્રિજ ઉતરીને કનૈયા હોટલ પાસે પહોંચી, ત્યારે રિક્ષાચાલક કનકસિંહ પ્રતાપસિંહ ઝાલાએ અચાનક સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ રિક્ષા પલટી મારીને ડિવાઈડર કૂદી સીધી બાવળા-બગોદરા તરફ જતી રોડની બીજી બાજુએ પટકાઈ હતી. અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ૧૦૮ના તબીબોએ રિક્ષાચાલક કનકસિંહને મૃત જાહેર કર્યા હતા.

### સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો

# શ્રમિકને પૂરતો ભાગ નહીં આપતાં શ્રમિકનો ઝેરી દવા ગટગટાવી

## ધ્રોળ તાલુકાના લૈયારા ગામમાં એક વાડી માલિકે પોતાના શ્રમિકને પૂરતો ભાગ નહીં આપતાં શ્રમિકનો ઝેરી દવા પીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લૈયારા ગામમાં રહેતા એક શ્રમિક યુવાને ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. તેના વાડી માલિકે પુરતો ભાગ નહીં આપતાં મનમાં લાગી આવ્યું હોવાથી આ પગલું ભરી લીધાનું પોલીસ સમક્ષ જણાવ્યું છે. જામનગર જિલ્લાના ધ્રોલ વિસ્તારમાં ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યાની ઘટના પ્રકાશમાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વિજયભાઈ પરબતભાઈ દરબાર (ઉ.વ. ૩૨), ધંધો ખેતમજૂરી, હાલ રહે. રમેશભાઈની વાડી, લૈયારા ગામ, તા. ધ્રોલ, જી. જામનગર (મૂળ રહે. ધામની ગામ, તા. ગોધરા, જી. પંચમહાલ) દ્વારા ગઈકાલે બપોરે ધ્રોલ બસ સ્ટેશન પાછળના વિસ્તારમાં ઝેરી જંતુનાશક દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આથી તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે શ્રમિકને જમીન વાવવાની બાબતે માલિક દ્વારા યોગ્ય હિસ્સો ન મળતા મનમાં દુખ લાગતાં આ પગલું ભરવામાં આવ્યું હોવાનું જણાય છે. ઘટના અંગે જાણ થતા તાત્કાલિક ધ્રોલ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બનાવ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ અરજી દાખલ કરવામાં આવી છે. આગળની તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ સી.જે. જાડેજા તથા એ.એસ.આઈ. ડી.જે. ગાગીયા દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.